

એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતાદ્રષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની દ્રષ્ટિ કર, ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ [દ્રષ્ટિનાં નિધાન]

કહાન સંવત-૮ □ (૫૪૦) ❊ આત્મધર્મ ❊ (અંક-૪ વર્ષ-૪૫) □ વીર સં. ૨૫૧૪ ઓકટોબર, ૧૯૮૮

# * આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો *

* નવ નિધિ, ચૌદ રત્ન, ઘોડા, મત્ત ઉત્તમ હાથીઓ, ચતુરંગિણી સેના આદિ સામગ્રીઓ પણ ચક્રવર્તીને શરણરૂપ નથી, તેનો અપાર વૈભવ તેને મૃત્યુથી બચાવી શકતો નથી.

જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પોતાનો આત્મા જ પોતાની રક્ષા કરે છે. કર્મનો બંધ. ઉદય અને સત્તાથી ભિન્ન પોતાનો આત્મા જ આ સંસારમાં શરણરૂપ છે. કર્મોનો ક્ષય કરીને જન્મ–જરા–મરણાદિના દુઃખોથી પોતાનો આત્મા જ પોતાને બચાવે છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, બાર અનુપ્રેક્ષા, ગાથા ૧૦–૧૧)

* અહો! આત્માનો તે આ સહજ અદ્‌ભુત વૈભવ છે કે–એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે, એક તરફથી જોતા ક્ષણભંગુર છે અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે અને એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, સમયસાર, શ્લોક–૨૭૩)

* જેમ અન્ય ધાતુઓના સંયોગથી સુવર્ણમાં અનેક પ્રકારના રૂપ દેખાય છે પરંતુ જો પર સંયોગથી થવાવાળી એ સુવર્ણની અવસ્થાઓ ઉપર ધ્યાન નહિ આપતાં તે સુવર્ણને જ જોવામાં આવે તો તે સુવર્ણ, શુદ્ધ સુવર્ણ જ પ્રતીત થાય છે. તેમ જ જીવ પણ વિકારના કારણથી અજીવ, આસ્રવાદિ પદાર્થોમાં અશુદ્ધરૂપથી જોવામાં આવે છે, પરંતુ જો એ વિકારની ઉપેક્ષા કરીને જોવામાં આવે તો તે જીવ શુદ્ધ જ પ્રતીત થાય છે.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૧૫૮નો ભાવાર્થ)

* અજ્ઞાની–બહિરાત્મા જેમાં–શરીર-પુત્ર-મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં વિશ્વાસ કરે છે તેનાથી—શરીરાદિ બાહ્ય પદાર્થોથી બીજું કોઈ ભયનું સ્થાન નથી અને જેનાથી—પરમાત્મસ્વરૂપના અનુભવથી તે ડરે છે તેનાથી બીજું કાંઈ આત્માને નિર્ભયતાનું સ્થાન નથી.

(શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, ગાથા–૨૯)

કહાન સંવત-૮
વર્ષ-૪૫
અંક-૪
[ ૫૪૦ ]




વીર સંવત ૨૫૧૪
સં. ૨૦૪૪
OCT
A. D. 1988

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# અનંતા તીર્થંકરોએ કહેલી વાત

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૫ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ચાલે છે. ૧૯ થી ૨૧ ગાથાના ભાવાર્થમાં મુનિરાજ કહે છે કે ભગવાન આત્મા, દેહ, મન, વાણી, પુણ્ય-પાપના વિકલ્પ, કર્મ આદિથી રહિત છે, એવા નિજ શુદ્ધાત્માનું સ્વરૂપ ખ્યાલમાં લઈને, વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થઈને તેનો અનુભવ કર!

પૂર્ણ શુદ્ધ અનંત ગુણનો પિંડ એવો નિજ શુદ્ધાત્મા રાગાદિ વિકલ્પો અને મનથી રહિત છે. એવા પોતાના આત્માનું પરિજ્ઞાન કરીને—ખ્યાલમાં લઈને પછી નિર્વિકલ્પ સમાધિમાં અનુભવ કર.

પ્રથમ, સત્સમાગમપૂર્વક શાસ્ત્રસ્વાધ્યાય વડે શુદ્ધ–આત્માનું પરિજ્ઞાન કર કે મારો શુદ્ધ આત્મા શરીર, વાણી, મન, કર્મ તથા રાગાદિ વિકલ્પોથી તદ્દન ભિન્ન પરિપૂર્ણ શુદ્ધ છે. એવું જ્ઞાન કર્યા પછી શું કરવું ?—પછી વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થઈને આત્માના ગર્ભમાં પડેલાં અનંત અતીન્દ્રિય આનંદનો અનુભવ કર.

ભગવાન આત્મા વીતરાગ નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાનનો જ વિષય છે, રાગમાં તે જણાતો નથી. વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં જ તેનો અનુભવ થાય છે. સંસારથી તદ્દન નિરાળુ તત્ત્વ છે, તેને સત્સમાગમ વડે પ્રથમ લક્ષમાં લઈને–ખ્યાલમાં લઈને પછી અરાગી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને તેનું ધ્યાન કર તો જ તને નિજ આત્માનો અનુભવ થશે. બીજી કોઈ રીતે નહિ થાય.

શાંતિ દ્વારા શાંતિનો અનુભવ થાય તેમ છે. વીતરાગી પરમ શાંતિ, વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં અનુભવમાં આવે છે. બહારથી રાગની મંદતા કરવાથી કે દયા, દાન, ભક્તિના પરિણામથી શાંતિનો અનુભવ થાય તેમ નથી.

યોગીન્દ્રદેવ સંત, મહંત વનવાસી દિગંબર મુનિ હતાં તેમણે આ પરમાત્મપ્રકાશ બનાવ્યું છે. તેમાં પોતાના પ્રભાકર ભટ્ટ શિષ્યને કહે છે હે પ્રભાકર! તારું પૂર્ણ પરમાત્મસ્વરૂપ તારી પાસે જ છે. તેનું લક્ષ કરવાથી તે તને પ્રાપ્ત થશે. શક્તિરૂપ નિર્દોષ નિજ પરમ શુદ્ધ પરમાત્માનું ધ્યાન કરવાથી જ શક્તિમાંથી પૂર્ણ પરમાત્માની વ્યક્તિ–પ્રગટતા—પ્રસિદ્ધતા થાય છે.

આવા શિવસ્વરૂપ નિજાનંદમૂર્તિને જ તમે નિરંજન પરમાત્મા જાણો. અન્ય કોઈ ઈશ્વર દ્વારા બનાવેલો નિરંજન નથી. અજ્ઞાનીઓએ કલ્પી લીધું છે કે કોઈ નિરંજનદેવ છે તેની આ બધી લીલા છે એ વાત છે જ નહિ.

જે ત્રિકાળ જ્ઞાન, દર્શન સ્વભાવવાળો છે તેને જ નિરંજન કહેવાય છે. બીજો કોઈ જગતનો કર્તા-હર્તા નિરંજન નથી. જેને રાગાદિ મેલનો સ્પર્શ નથી, કર્મરૂપી અજંન નથી એવો નિજ નિરંજનદેવ—શુદ્ધાત્મા જ ઉપાદેય છે. તેનો અનુભવ કરી તું શાંતિને પ્રાપ્ત થા! બીજો કોઈ શાંતિનો ઉપાય નથી.

હવે, શાસ્ત્રમાં જે ધારણા, ધ્યેય, યંત્ર, મંત્ર, મંડલ, મુદ્રા આદિ વ્યવહારધ્યાનના વિષયો કહ્યાં છે તે બધાં ધ્યાનો નિર્દોષ પરમાત્માની આરાધનારૂપ ધ્યાનમાં નિષેધ છે એમ કહે છે.

વ્યવહારશાસ્ત્રોમાં એમ આવે કે પહેલાં આમ ચિંતવન કરવું, ભગવાનની પ્રતિમા લક્ષમાં લેવી, તેને ભગવાન જાણવા એવો બધો જે વ્યવહાર કહ્યો છે તે વસ્તુના સ્વરૂપમાં નથી અને તેના સાધનમાં પણ આવો વ્યવહાર નથી. નિજ પરમાત્માની આરાધનારૂપ ધ્યાન વ્યવહાર સાધનથી થતું નથી. અશુભભાવથી છૂટી શુભભાવમાં આવવા માટે એ બધા વ્યવહાર સાધનો શાસ્ત્રમાં બતાવ્યા છે પણ આત્માની આરાધનામાં તે બિલકુલ સાધન નથી. વિકલ્પથી પ્રાપ્ત થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. વ્યવહાર સાધન પરમાર્થમાં કામ કરતું નથી.

અંતર આત્માના ધ્યાન કાળે કુંભક આદિ વાયુધારણા ન હોય, જિનમંદિર, જિનપ્રતિમા આદિનું ચિંતવન ન હોય, તો પ્રશ્ન થાય કે જિનમંદિર, પ્રતિમા, સમવસરણ આદિ શેના માટે છે?—તે બધું તેના કારણે છે. ધર્મીને શુભભાવ આવે ત્યારે તેના તરફ લક્ષ જાય છે પણ નિર્વિકલ્પ ધ્યાનકાળે તેનું લક્ષ પણ ન હોય. સ્વભાવના સાધનમાં પરદ્રવ્ય સહાયક ન થાય.

જેમ, આત્મા સિવાય બીજા દ્રવ્યો છે ખરા પણ તે આત્માને સ્વરૂપના સાધનમાં

મદદગાર નથી તેમ, વ્યવહાર વિકલ્પો હોય છે ખરાં પણ ધર્મીને સ્વરૂપના સાધનમાં તે વિકલ્પો સહાયક નથી.

પ્રશ્ન :—વ્યવહારને પરંપરાકારણ કહ્યો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—તે વ્યવહારના વિકલ્પને છોડે ત્યારે નિર્વિકલ્પ થાય છે એટલે પરંપરા કારણ કહ્યું પણ તે બિલકુલ મદદગાર નથી. નિર્વિકલ્પ શાંતિની પર્યાય જ સ્વભાવનું સાધન છે. લોકોને આ એકાંત લાગે પણ એકાંત થયા વગર તારી પ્રાપ્તિ તને નહિ થાય ભાઈ!

પ્રભુ! તું કયા ગુણે કે શક્તિએ અધૂરો છો? તૂં તો અનંત ગુણે પૂરો...પૂરો પરમાત્મા છો. તારા ગર્ભમાં અનંતા પરમાત્મા બિરાજે છે.

પ્રશ્ન :—એક આત્મામાં અનંત પરમાત્મા કેવી રીતે પ્રભુ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રભુ! તારામાં અનંતી સિદ્ધપર્યાયની ખાણ છે. અનાદિ શાંત સંસારની જેટલી પર્યાય છે તેનાથી અનંતગુણી સાદિ અનંત સિદ્ધ પર્યાય તારા ધ્રુવ સત્વમાં પડી છે. રાગની ખાણ તારામાં નથી. તારામાં તો સિદ્ધદશાની ખાણ છે.

અહીં કહે છે કે અક્ષરોની રચના કરીને યંત્ર બનાવે છે ને! એ યંત્ર આદિ દ્રવ્યસ્વભાવમાં તો નથી પણ સ્વભાવના સાધનમાં પણ નથી. સ્વભાવની પરિણતિથી જ સ્વભાવનો પત્તો લાગે છે. લાખ-કરોડ મંત્ર જપવાથી પણ સ્વભાવનો પત્તો ન લાગે.

સ્વના જ્ઞાન સાથે પરનું જ્ઞાન પણ પ્રગટ થાય છે એટલે સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં આ બધાં વ્યવહારસાધનો જાણવાલાયક છે પણ આશ્રય કરવા લાયક નથી. ધર્મીને રાગાદિ વ્યવહારનું જ્ઞાન બરાબર થાય પણ તેને સ્વભાવનું સાધન ન માને. જેને વ્યવહાર સાધનની મહિમા છે તેને દ્રવ્યની અને નિર્મળ પર્યાયની મહિમા જ આવી નથી. તેને ચૈતન્યપ્રભુની મહિમા જ નથી.

એક સમયની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યનો નિર્ણય કરવાની તાકાત છે. પણ એ પર્યાય જેવડું જ દ્રવ્ય નથી. છ દ્રવ્યનું પણ યથાર્થ જ્ઞાન ક્યારે કહેવાય? કે જ્યારે પોતે જીવદ્રવ્ય પોતાના જ્ઞાનથી જ્ઞાનનું સ્વસંવેદન કરે ત્યારે તેના સ્વપરપ્રકાશકજ્ઞાનમાં છ દ્રવ્ય સહેજે જણાય છે ત્યારે તેને જાણ્યા કહેવાય. (સ્વના જ્ઞાન વગર પરનું જ્ઞાન પણ યથાર્થ નથી.)

અરે! નિજ પરમાત્માની શું નિધિ છે અને શું એની મહિમા છે એ વાત પણ આ જીવે કદી પ્રીતિથી સાંભળી નથી.

સ્વભાવમાં એક વિકલ્પ માત્રનો પણ અભાવ છે. સ્વભાવમાં તો વિકલ્પ નથી પણ સ્વભાવના સાધનરૂપ નિર્વિકલ્પ પર્યાયમાં પણ તેનો અભાવ છે. યંત્ર, મંત્ર, જલમંડલ આદિ પવનભેદ નથી, ગારુડમુદ્રા આદિ પણ નથી. સ્વભાવમાંથી જ સ્વભાવનું સાધન પ્રગટ થાય છે. બહારમાં ક્યાંય સ્વભાવનું સાધન નથી.

દ્રવ્યાર્થિકનયથી અવિનાશી તથા અનંત જ્ઞાનાદિ ગુણરૂપ આવો પરમાત્મદેવ જાણો. અન્યને તમે પરમાત્મા ન જાણો.

અતીન્દ્રિય આત્મિકરસના આસ્વાદથી જિહ્વાઇન્દ્રિયનો રસ વિપરીત છે. માટે હે પ્રભાકર ! તું જિહ્વા ઇન્દ્રિયના વિષયનો મોહ છોડી અતીન્દ્રિય આનંદનો અનુભવ કર. એ અતીન્દ્રિય આનંદની પર્યાય જ આત્માને સાધે છે.

ભગવાન આત્માનો શુદ્ધ સ્વભાવ નિર્મોહ છે. જેમાં પર તરફની સાવધાનીરૂપ વિકલ્પનો ત્રિકાળ અભાવ છે એવા નિર્મોહ સ્વાભાવથી વિપરીત મોહભાવને છોડીને હે શિષ્ય ! તું સ્વરૂપની સાવધાનીથી આત્માનો અનુભવ કર. ભગવાન આત્મા વીતરાગ અકષાય શાંતરસની શીતળ....શીતળ શિલા છે અને મોહ છે તે આકુળતાની અગ્નિ છે, તેને છોડી તું શીતળ સ્વભાવનો અનુભવ કર. બરફ જેમ શીતળતાની શિલા છે તેમ ભગવાન આત્મા શાંત શીતળરસની ધ્રુવ શિલા છે.

કેવો છે ભગવાન આત્મા ? રાગ રહિત વીતરાગ સહજ પરમ સમરસી સ્વભાવરૂપ છે. સમતા...સમતાનો પિંડ છે. તીર્થંકરગોત્રને યોગ્ય શુભવિકલ્પનો અંશ પણ જેમાં નથી. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ કષાયની જ્વાળા છે. તેનો સમતા-સ્વભાવી આત્મામાં અભાવ છે તેથી રાગના અવલંબન વડે વીતરાગસ્વભાવની સાધના થઈ શકતી નથી.

સમતા એટલે અરાગ–અદ્વેષ–વીતરાગ સમરસ સ્વભાવનો શાંતરસ વડે અનુભવ કરવો તે. શાંતરસથી ત્રિકાળ શાંતરસનો અનુભવ કર. વિકલ્પ છે એ તો અશાંતિ છે.

મન, વચન, કાયાથી ભોગનું કરવું, કરાવવું અને અનુમોદવું એ નવ પ્રકારના કુશીલને છોડી, નિર્વિકલ્પ સમાધિના ઘાતક મનના સંકલ્પ, વિકલ્પનો ત્યાગ કરી, હે પ્રભાકર ! તું શુદ્ધાત્માનો અનુભવ કર.

નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ આત્માની સાધના નિર્વિકલ્પ સમાધિ વડે જ થાય છે. તેમાં મનના સંકલ્પ વિકલ્પ સમાધિના ઘાતક છે માટે તેનો ત્યાગ કર. વ્યવહારનયથી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને આત્માના સાધક કહ્યાં છે એ માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. જે ખરેખર બાધક છે તેને સાધક કહે એ વ્યવહારનયનું લક્ષણ છે.

વ્યવહારથી નિશ્ચય થાય....ભગવાનની ભક્તિ કરતાં કરતાં સમ્યગ્દર્શન થઈ જશે, પરમાત્માના દર્શન કરવાથી અને મહાવ્રત પાળવાથી ચારિત્ર થઈ જશે એ બધી વાતો છોડી હે ભાઈ ! વિકલ્પ તો ધર્મની પર્યાયનો ઘાતક છે. સ્વભાવની દૃષ્ટિની ભૂમિકામાં ધર્મીને પરમાત્મા કેવા છે? પરમાત્માની વાણી શું કહે છે ?—એવા બધાં વ્યવહારના વિકલ્પો જરૂર આવે છે પણ તે ધર્મ નથી, તેને ધર્મ કહેવો તે વ્યવહાર છે.

વ્યવહારને જેમ છે તેમ જાણવામાં દોષ નથી. આખા લોકાલોકને જાણવો એ તો

જીવનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. પણ લોકાલોક છે, વ્યવહાર છે માટે જ્ઞાન થાય છે એમ નથી. જ્ઞાન કરવું તે જીવનો પોતાનો સ્વભાવ છે.

અહીં તો માખણની—તત્ત્વની વાત કહેવાય છે.

ભગવાન આત્માની અંતર અનુભૂતિની ગુફામાં જઈને તેનો અનુભવ કર, સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કર. આ જ વાત બીજી જગ્યાએ પણ કહી છે કે ઇન્દ્રિયોમાં જીભ પ્રબળ હોય છે, જ્ઞાનાવરણાદિ આઠ કર્મોમાં મોહ કર્મ બળવાન હોય છે, પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્યવ્રત પ્રબળ છે અને ત્રણ ગુપ્તિઓમાંથી મનોગુપ્તિ પાળવી કઠણ છે, આ ચાર વાતો મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે.

આગળ આવ્યું ને, જીહ્વાઇન્દ્રિયના રસને છોડ, પર તરફના ઝુકાવરૂપ મોહને છોડ. આ છોડવું કઠિન છે પણ અશકય નથી. મોહ અને ઇન્દ્રિયોના રસને છોડી સ્વભાવને સાધવો તેમાં મહાન અનંત પુરુષાર્થ છે.

અરે, દુનિયા રાડ નાંખે છે કે ભગવાનની દિવ્યધ્વનિથી આત્માનું જ્ઞાન ન થાય? જિનવાણીથી આત્મજ્ઞાન ન થાય? ન થાય એમ કહેનારા જૈન નથી. તો અહીં કહે છે કે જિનવાણીથી આત્મજ્ઞાન થાય એમ માનનારા જૈન નથી. 'દિવ્યધ્વનિથી આત્મા અગોચર છે' આ સોનગઢવાળાની નહિ પણ અનંત તીર્થંકરોની કહેલી વાત છે.

આત્માનું સ્વરૂપ, વેદ એટલે ભગવાનની દિવ્યધ્વનિ, શાસ્ત્ર એટલે મુનિની વાણી અને ઇન્દ્રિયાદિ પરદ્રવ્યથી અગોચર છે. એક વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં જ આત્માનું સ્વરૂપ ગોચર છે—પ્રત્યક્ષ થાય છે. આ યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશમાં કહી ગયા છે કે આત્મા ભગવાનની દિવ્યધ્વનિનો વિષય નથી. આ વાત કાંઈ ગુપ્ત રાખવા માટે નથી કહી ગયા. દિવ્યધ્વનિથી આત્મા પ્રાપ્ત થતો નથી માટે દિવ્યધ્વનિ જ ન સાંભળવી એમ ન હોય. જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી ભગવાનની વાણી સાંભળવાનો વિકલ્પ ગણધરને પણ આવે છે તો બીજા કોને ન આવે? પણ તે વાણી અને વિકલ્પનો આત્મા વિષય નથી. એ નિશ્ચય છે.

વાણી સાંભળવાના લક્ષથી, સમજવાના વિકલ્પથી આત્મા પ્રાપ્ત ન થાય. ભગવાન આત્માના ધ્યાનથી આત્મા પ્રત્યક્ષ થાય. જીવોને આત્માના સ્વરૂપની તો ખબર નથી પણ તે કઈ રીતે પર્યાયમાં પ્રાપ્ત થાય તે પણ ખબર નથી.

મુમુક્ષુ :—આત્મા એવો ગુપ્તરૂપ છે કે પકડાતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ગુપ્તરૂપ પણ છે કે નહિ? વિદ્યમાન છે કે અવિદ્યમાન? છતો છે કે અછતો? અરૂપી છતાં મહાન આનંદકંદનું અસ્તિત્વ છે. તે કેમ પ્રાપ્ત ન થાય? થાય જ.

ભગવાનની વાણીથી આત્મા ગમ્ય થતો નથી. સ્વસંવેદન જ્ઞાનમાં આત્મા ગમ્ય થાય છે. સમયસારના પહેલાં કળશમાં કહ્યું ને, 'સ્વાનુભૂત્યાચકાસતે'. પોતાની નિર્મળ સ્વ-સંવેદનરૂપ અનુભૂતિમાં આત્મા પ્રગટ થાય છે—અનુભવમાં આવે છે. સમવસરણમાં તો આ જીવ અનંતવાર જઈ આવ્યો, સાક્ષાત્ ભગવાનની વાણી અનંતવાર સાંભળી—પર-સત્તાવલંબી જ્ઞાનમાં ભગવાનની વાણી ગ્રહણ કરી પણ આત્મજ્ઞાન ન થયું. શું આત્મા એટલો પરાધીન છે કે પરદ્રવ્યથી સ્વદ્રવ્યને જાણે? શું સ્વભાવમાં એવી કોઈ યોગ્યતા છે કે પરદ્રવ્યની સહાયતાથી પોતાને જાણે? નહિ...નહિ. સ્વપર્યાયથી જ સ્વને જાણે એવી તાકાતવાળો આત્મા છે.

સિદ્ધગિરિથી તો શું પણ સાક્ષાત્ સિદ્ધના લક્ષથી પણ આત્માનું જ્ઞાન ન થાય. પરદ્રવ્યથી નહિ, પરદ્રવ્ય તરફના વિકલ્પથી નહિ અને પરલક્ષી ક્ષયોપશમજ્ઞાનથી પણ આત્મજ્ઞાન કદી થતું નથી. સમ્મેદશિખર પોતાનો આત્મા છે. સમ્મેદશિખરના શિખર ઉપર અનંતા તીર્થંકરો ધ્યાન કરીને મુક્તિ પામે છે ને! આત્માના ધ્રુવ શિખર ઉપર ધ્યાન કરીને આત્મા પરમાત્મા થાય છે. આત્મા જ ખરો સમ્મેદશિખર છે.

લોકો આવું સાંભળીને પોકાર કરે છે પણ અરે પ્રભુ, તું પોકાર કરીને તારી પામરતાને પ્રસિદ્ધ ન કર. તારી પ્રભુતાને પ્રસિદ્ધ કર ને! હું પરના અવલંબનથી જણાઉં તેવો નથી. હું મારાથી મને જણાઉં એવો છું એમ નક્કી કર. (—ક્રમશઃ)

## ૐ આત્માને સદાય મુખ્ય રાખવો ૐ

આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચો જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત—પ્રગટ ઊર્ધ્વતા થાય.

—પૂજ્ય ગુરુદેવ (દૃષ્ટિનાં નિધાન)

[ પ્રવચન નં. ૫૧ ]

# પરિભ્રમણનું મૂળ પરનો સત્કાર

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૩૦-૫-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામીએ રચેલું આ ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૪૫ મી ગાથામાં વાત આવી કે એક નિજ આત્મા જ સુખરૂપ છે, આત્મા સિવાય બીજું બધું દુઃખરૂપ છે.

એક નિજ શુદ્ધાત્મા સિવાય શુભાશુભ રાગ, કર્મ, શરીર, વાણી, મન આદિ પરપદાર્થનું લક્ષ કરવાથી–આશ્રય કરવાથી–સત્કાર કરવાથી દુઃખ થાય છે અને નિજ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાથી સુખ થાય છે. પોતાનો આત્મા જ સુખરૂપ અને આનંદરૂપ છે, આમ જાણી, મહાપુરુષોએ એક નિજહિત લક્ષમાં રાખીને આત્માના સ્વરૂપમાં સ્થિર થવાનો ઉદ્યમ કર્યો છે.

હવે ૪૬ મી ગાથામાં પરદ્રવ્યનો રાગ કરવાથી થતાં દોષ બતાવે છે :—

अविद्वान्पुद्गलद्रव्यं योऽभिनन्दति तस्य तत् ।
न जातु जन्तोः सामीप्यं चतुर्गतिषु मुञ्चति ॥ ४६ ॥

અભિનંદે અજ્ઞાની જે, પુદ્‌ગલને નિજ જાણ,
ચૌગતિમાં નિજ સંગને, તજે ન પુદ્‌ગલ માન. ૪૬.

મારો એક શુદ્ધાત્મા જ મારે ઉપાદેય છે તે સિવાય પુણ્ય-પાપ, શરીર, કર્મ આદિ સર્વ પરદ્રવ્ય મારા માટે હેય છે. એવો જેને હેય–ઉપાદેયનો વિવેક નથી તેને અહીં અવિદ્વાન કહ્યો છે. વિદ્વાન એટલે બહુ જાણકાર હોય તે અને અવિદ્વાન એટલે ઓછું જાણતો હોય તે એવો અર્થ અહીં નથી. અહીં તો હેય–ઉપાદેય તત્ત્વના સ્વરૂપને જે સમજતો નથી તેને અવિદ્વાન કહ્યો છે. તે અવિવેકી–અણસમજુ અજ્ઞાની છે.

જે આત્મા શરીર, કર્મ આદિ પુદ્‌ગલનું કાર્ય મારું છે એમ માનીને પુદ્‌ગલનો સત્કાર કરે છે અને પોતાના જ્ઞાયકસ્વભાવમાં 'હુંપણું' કરીને તેનો સત્કાર નથી કરતો તેને પુદ્‌ગલની સમીપતા, પુદ્‌ગલનો સંબંધ છૂટતો નથી. જેનો જે સત્કાર કરે તેને તેની સમીપતા છૂટતી નથી.

હું તો શુદ્ધ ચૈતન્ય છું અને ચૈતન્ય પરિણતિ તે મારું કાર્ય છે એમ સ્વીકાર નહિ કરતાં, શરીરાદિ તે હું અને શરીરાદિનું કાર્ય તે મારું કાર્ય એમ જે માને છે તેને શરીરાદિનો સંબંધ છૂટતો નથી.

શુભાશુભભાવનો સત્કાર પણ છોડવા લાયક છે–હેય છે. ભલે તીર્થંકરપ્રકૃતિને યોગ્ય

શુભભાવ હોય, જગતને ઉપદેશ દેવાના ભાવ હોય પણ તે હેય છે, ઉપાદેય નથી. ઉપાદેય તો એક શુદ્ધ આત્મા જ છે, છતાં જે જીવ શુદ્ધાત્માનો સહવાસ છોડીને પુદ્‌ગલ અને પુદ્‌ગલભાવનો સહવાસ પોતે કરે છે તેને પુદ્‌ગલ છોડશે નહિ એટલે તે જીવને ચારગતિનું ભવભ્રમણ છૂટશે નહિ.

ભાઈ! પ્રભુ!! તું તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક આનંદમૂર્તિ આત્મા છો ને! તેનો સત્કાર છોડીને તું અસંખ્ય પ્રકારના શુભભાવ કે અસંખ્ય પ્રકારના અશુભભાવ કે ૧૪૮ કર્મપ્રકૃતિ કે શરીરાદિ પરપદાર્થમાંથી કોઈને પણ લાભરૂપ માનીને સત્કાર કરે છો તે તારી મિથ્યા દૃષ્ટિ છે, તેનાથી તને એ પરપદાર્થ અને પરભાવોનો સંબંધ નહિ છૂટે, ભવભ્રમણ નહિ જાય.

જેને બંધ અને બંધભાવના સમીપપણાનો સત્કાર છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. તેને સત્કારસહિત કર્મ બંધાય છે પણ જેણે શુદ્ધ સ્વભાવના સત્કારપૂર્વક બંધ કે બંધભાવનો સત્કાર છોડ્યો છે તેને સત્કાર વગર કર્મ બંધાય છે. જેને તેનો આદર નથી એવા જ્ઞાનીને જ તીર્થંકરપ્રકૃતિને યોગ્ય ભાવ થાય છે અને તીર્થંકરપ્રકૃતિ બંધાય છે પણ તેને તેનો સત્કાર–આદર નથી. જેને રાગ અને બંધનો આદર છે, એવા મિથ્યાદૃષ્ટિને તીર્થંકરગોત્ર બંધાતું જ નથી, ઉલટું ચારગતિમાં ભ્રમણ થાય એવા કર્મોની સમીપતા છૂટતી નથી એટલે ચારગતિમાં ભ્રમણ થયા જ કરે છે.

જે જીવ રાગને, શરીરને, કર્મને અને બાહ્ય સંયોગને પોતારૂપે માને છે તે અજ્ઞાની છે. જે જીવ રાગ, શરીર આદિ પરદ્રવ્યથી લાભ માને છે તેણે ખરેખર તેને પોતાનું અસ્તિત્વ માન્યું છે. રાગાદિને પોતારૂપ માને છે અને પોતાને રાગાદિરૂપ માને છે.

આ તો ઇષ્ટઉપદેશ—જૈનનું ઉપનિષદ્ છે. અલૌકિક છે. આ સત્ય કરોડો ઉપાયે પણ સમજવું યોગ્ય છે. છઢાળામાં દૌલતરામજીએ લખ્યું છે કે—

ધન, સમાજ, ગજ, બાજ, રાજ તો કાજ ન આવે,
જ્ઞાન આપકો રૂપ ભયે, ફિર અચલ રહાવે;
તાસ જ્ઞાનકો કારન 'સ્વ–પર વિવેક' બખાનો,
કોટિ ઉપાય બનાય ભવ્ય તાકોં ઉર આનો,
લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ–ફંદ, નિત આતમ ધ્યાવો.

ઇષ્ટ ઉપદેશ એમ કહે છે કે ઉપદેશ દેવાનો ભાવ પણ ઇષ્ટ નથી. ગણધરોએ શાસ્ત્રો રચ્યાં, શાસ્ત્ર રચવાનો શુભવિકલ્પ આવ્યો પણ ઉપદેશ એમ આપે છે કે એ વિકલ્પ હિતરૂપ નથી. જો શાસ્ત્ર રચવાનો ભાવ હિતરૂપ હોય તો તો વિકલ્પ અને પોતે બંને એકરૂપ થઈ ગયા. પણ એમ કદી બને નહિ.

વ્યવહારરત્નત્રયને હિતકર માનનારો મિથ્યાદષ્ટિ પુદ્ગલની સમીપમાં જ પડયો છે અને પોતાના શુદ્ધસ્વભાવથી દૂર ખસી ગયો છે.

શ્રોતાઃ—જ્ઞાનીને વ્યવહારરત્નત્રયના ભાવ તો હોય છે.

પૂજ્ય ગુરુદેવઃ—જેણે સ્વભાવની સમીપતા કરી છે એવા જ્ઞાનીને પોતાની કમજોરીવશ વ્યવહારરત્નત્રયના શુભભાવ આવે છે. નિશ્ચય પ્રગટ થયો છે તેને જ એવો વ્યવહાર–શુભભાવ આવે છે, તેને તે ટાળી શકતાં નથી. જેમ પરદ્રવ્યનો અભાવ કરી શકતો નથી તેમ તે સમયે થનારાં વિભાવનો પણ કમજોરીવશ અભાવ થઈ શકતો નથી.

ભગવાન આત્માને પોતાના ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપનું સમીપપણું અને વિકાર, કર્મ, શરીરાદિથી અસમીપપણું થવું તેનું નામ 'વિવેક' છે. પોતાના સ્વભાવની અપેક્ષાએ પરવસ્તુ બધી અવસ્તુ છે તેમ વ્યવહારરત્નત્રયના શુભભાવ પણ અવસ્તુ છે, સ્વભાવમાં તે નથી.

પોતાના જ્ઞાયકસ્વભાવની સમીપતાથી સ્વભાવના આશ્રયે શુદ્ધપર્યાય પ્રગટ થાય છે તે હિતકર છે અને સામાન્યસ્વભાવની અસમીપતા તથા વિશેષ–પર્યાયની સમીપતાથી–પર્યાયના લક્ષથી રાગાદિનો લાભ થાય તે અહિતકર છે કેમ કે તેમાં સ્વભાવની સમીપતા છૂટી ગઈ છે.

વીતરાગભાવનો પિંડ–અકષાયસ્વરૂપ સર્વજ્ઞસ્વભાવ તેની સમીપતા નહિ કરતાં પુણ્ય-પાપરૂપ વિશેષની સમીપતામાં પડયો છે, તેને પુદ્ગલની સમીપતા છે, તેને ચારગતિનો સહવાસ છૂટશે નહિ. જે પુદ્ગલ અથવા સ્વભાવથી વિરુદ્ધ વિભાવની સમીપતા કરે છે, આદર–સત્કાર કરે છે–અભિનંદે છે તેને તે પુદ્ગલ અને વિભાવ દુઃખનું કારણ બન્યા વિના રહે જ નહિ. તેને ચારગતિમાં ભ્રમણનુ–દુઃખનું ફળ મળશે.

છોકરા પરીક્ષામાં સારા નંબરે પાસ થાય ત્યાં સગાંવહાલાં તેને અભિનંદવા ઘરે આવે છે. અરે! પણ આ શાના અભિનંદન!

લોકોને હેય શું છે? અને ઉપાદેય શું છે તેનું ભાન જ નથી. હેય-ઉપાદેયના સ્વરૂપને નહિ સમજવાવાળાને અહીં અવિદ્વાન, મૂર્ખ કહ્યો છે. આવા જીવોને પરપદાર્થ અને વિભાવમાંથી જ મને સુખ મળશે એવી બુદ્ધિ હોવાથી પરદ્રવ્ય અને પરભાવની જ સમીપતા થઈ રહી છે અને સ્વભાવની સમીપતા છૂટી ગઈ છે. શુદ્ધિ પ્રગટ થતી નથી એટલે સમીપતા છૂટી ગઈ છે એમ કહેવાય છે.

ભગવાન આત્મા પ્રત્યે અરોચકભાવ અને રાગ, કર્મ, શરીર, સંયોગ આદિ પ્રત્યે રોચકભાવ કરે છે તેને ભગવાન આત્મા પ્રત્યે દ્વેષ છે—ક્રોધ છે.

આવું સાંભળી લોકોને રાડ પડી જાય છે પણ આ તો રાડ છૂટી જવાની વાત છે.

ભાઈ ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને ! તારા ઘરમાં જ્ઞાનનો ભંડાર ભર્યો છે ને ! તેનું સમીપપણું છોડીને ભાઈ ! તારે ક્યાં જવું છે ?—પુદ્ગલમાં ? ચારગતિમાં ? ત્યાં તો તું અનાદિથી રખડી રહ્યો છે.

સામાન્ય સ્વભાવ—ધ્રુવ જ્ઞાયક સિવાય બીજું બધું હેય છે. એક સામાન્ય શુદ્ધ સ્વભાવ જ ઉપાદેય છે. એવી જેને ખબર નથી એવો અવિદ્વાન અજ્ઞાની પરના સત્કારમાં જ રોકાયો છે.

શ્રોતા :—શરીર, કુટુંબ, પૈસા આદિના સત્કારમાં તરત સુખ મળે છે.

પૂજ્ય ગુરુદેવ :—અરે ! તને ભાન નથી, પરના સત્કારમાં તરત દુઃખ મળે છે. ભગવાન આત્માનો મારગ જુદો છે ભાઈ ! સામાન્યસ્વભાવના આશ્રયે વીતરાગતા ઉત્પન્ન થાય એ તારો મારગ છે, તેમાં જ સાચું સુખ છે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનો પણ સત્કાર કરવો તે દુઃખરૂપ છે. સ્વભાવને ભૂલીને રાગ અને પરની સમીપતા-સત્કાર કરવાવાળાને ચારગતિના સહવાસ નહિ છૂટે. કેમ કે સ્વભાવથી અન્ય ભાવમાં ઠીકબુદ્ધિ થાય-સુખબુદ્ધિ થાય એટલે કર્મ બંધાયા વગર ન રહે અને એ કર્મના ફળમાં ચારગતિનું ફળ મળ્યા વગર ન રહે.

૩૨ વર્ષ પહેલાં એક પ્રશ્ન થયો હતો કે પાંચ-દશ હજાર માણસોને ધર્મનો ઉપદેશ આપીને સમજાવે તે મોટો કે પોતાના આત્માને સમજે તે મોટો ?—પોતાના આત્માને ઓળખીને અનુભવ કરે તે જ મોટો છે. બીજા જીવોને સમજાવાના ભાવ છે તે તો શુભભાવ છે અને તેમાં જો એ હિત માનતો હોય તો તો તેની માન્યતા જ વિપરીત છે. એવો ઉપદેશદાતા તો સામા જીવને ધર્મ પામવામાં નિમિત્ત પણ ન થાય.

આ તો ભાઈ ! વીતરાગના માણેકચોકમાં વીતરાગતા વેચાય છે. તેને સૌ ઝીલી લ્યો. એ જ હિતકર છે.

આત્મા તરફ ગુંલાટ ખાધી નથી, સ્વભાવનો સત્કાર કર્યો નથી અને ઉપદેશ આદિ શુભભાવના સત્કારમાં રોકાયો છે, તેને પુદ્ગલ નહિ છોડે, પાંચ પરાવર્તનનો ક્રમ તૂટશે નહિ. બાહ્યજ્ઞાનને અને બાહ્યજ્ઞાનના માહાત્મ્યને જે કરે છે તે બધાં પુદ્ગલની સમીપમાં વર્તે છે.

પ્રશ્નઃ—પ્રભુ ! પણ તમે આ શાસ્ત્ર લખો છો ને !

જવાબઃ—શાસ્ત્ર અમે નથી લખતાં. એ તો પુદ્ગલની રચના પુદ્ગલ કરે છે. શાસ્ત્ર લખવાનો શુભભાવ છે તેને પણ અમે હિતરૂપ નથી જાણતાં. શુભરાગમાં હિતબુદ્ધિ કરવા અમારો આત્મા તૈયાર નથી.

ભગવાન જ્ઞાયકમૂર્તિ આત્માના આશ્રયમાં જે પડ્યો છે તેને સિદ્ધગતિ છોડશે નહિ, સિદ્ધગતિ મળ્યે જ છૂટકો અને આત્મા સિવાય શુભરાગના કે પરલક્ષીજ્ઞાનના આશ્રયમાં પડ્યો છે તેને નિગોદગતિ છોડશે નહિ, નિગોદગતિ મળ્યે છૂટકો થશે. અહીં તો એક ઘા ને બે કટકાની વાત છે. નાનામાં નાના રાગમાં પણ જેને હિતબુદ્ધિ છે તેને ખરેખર નિગોદના શરીરની ચાહના છે.

આત્મા સિવાય બીજે ક્યાંય હરખ આવે, અનુમોદન આવે, ઉપાદેયબુદ્ધિ થાય-આદર-સત્કાર કરે તેને નિશ્ચિતપણે પુદ્ગલ બંધાશે, તેનાથી કદી છૂટકારો નહિ મળે.

શ્રોતાઃ—આ તો ભૂલ નાની અને ફળ મોટું ન કહેવાય?

પૂજ્ય ગુરુદેવઃ—ના. એમ નથી. આ કાંઈ ચીભડાના ચોરને ફાંસી નથી. ભગવાન જ્ઞાયક પ્રભુ અનંત ગુણનો પિંડ સર્વજ્ઞદેવ છે, તેનો એણે અનાદર કર્યો છે. એક એક ગુણરૂપી મહારાજા-બાદશાહનો અનાદર થાય છે, બેસતાવર્ષના દિવસે રાજા રાજસભામાં બેઠો હોય અને કોઈ આવીને તેના ગળામાં ચામડાંના જોડાનો હાર પહેરાવી જાય તો? એ નાની ભૂલ છે? એ તો મહાન અપરાધ છે. તેમ ભગવાન જ્ઞાયક ચૈતન્યબાદશાહને રાગથી અને વિકલ્પથી લાભ માનવો તે તેને જોડાનો હાર પહેરાવ્યાં જેવો મોટો અપરાધ છે. તેના ફળમાં આ ચતુર્ગતિનો સહવાસ છૂટતો નથી.

પોતાના જ્ઞાનસ્વભાવ સિવાય રાગના કણની કે કર્મના ફળની કે પરાવલંબીજ્ઞાનની જેને મહિમા છે, તેને પુદ્ગલ છોડશે નહિ એટલે તેને કર્મ બંધાશે અને ચારગતિમાં ભ્રમણ થશે. [ક્રમશઃ]

[વૈરાગ્યજનની......પેઈજ નં.૧૮થી ચાલુ]

પરમાણુની પર્યાય છે તે પરમાણુનો ધર્મ છે. આત્માને કારણે તે પર્યાય થઈ નથી, ને ઇચ્છા થઈ તે આત્માની પર્યાય છે. તેથી તે આત્માનો ધર્મ છે. તેમ જ્ઞાનાવરણ કર્મ અને જ્ઞાનની હીનતા તે પણ ભિન્ન ભિન્ન છે. જ્ઞાનાવરણીયકર્મ તે તો અચેતન પુદ્ગલનો ધર્મ છે. જીવના જ્ઞાનને રોકે એવો તેનો ધર્મ નથી. જ્ઞાનથી તો તે ભિન્ન છે, ને જ્ઞાન રોકાયું તે જ્ઞાનનો પોતાનો ધર્મ છે. તે પર્યાય આત્મા સાથે અભેદ છે ને કર્મની પર્યાય પુદ્ગલ સાથે અભેદ છે. એમ દરેક વસ્તુને પોતપોતાની પર્યાય સાથે એકતા છે, ને પરથી ભિન્નતા છે. જે જીવ આવા વસ્તુસ્વરૂપને જાણતો નથી ને પર્યાય પરથી થાય છે એવો જેનો અભિપ્રાય છે તે જીવ નૈયાયિક વગેરેના મત જેવો છે. ધર્મ અને ધર્મી અભેદ છે -એમ જે સમજે તેને અભેદ વસ્તુની દૃષ્ટિ થઈને રાગ ઘટ્યા વિના રહેતો નથી. આવી વસ્તુદૃષ્ટિ પ્રગટ કરવી તેને ભગવાન પ્રથમ ધર્મ કહે છે. (ક્રમશઃ)

# ✻ વૈરાગ્યજનની : બાર ભાવના ✻

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ લોકભાવના છે. લોકમાં સર્વજ્ઞદેવે છ દ્રવ્યો જોયા છે, તેની પર્યાય સમયે સમયે સ્વતંત્રપણે પરિણમીને થઈ રહી છે. આવા વસ્તુસ્વરૂપનું સમ્યગ્દૃષ્ટિને ભાન હોય છે. પહેલાં ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ થતાં સમ્યગ્દર્શન પ્રગટે છે ને ત્યાર પછી સ્વભાવની દૃષ્ટિપૂર્વક શુદ્ધતા વધતી જાય છે. ત્યાં વસ્તુસ્વરૂપની ભાવના ભાવે છે; ઉપશમ સમ્યગ્દર્શન થાય ત્યારે પણ વસ્તુસ્વરૂપના ભાનપૂર્વક નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થઈ જાય છે પણ તેનો કાળ લાંબો નથી. અનાદિથી પર્યાયને પરના આશ્રયે માનીને ગુણ-ગુણીમાં એકાંત ભેદ પાડતો; તેને બદલે પર્યાયને અંતર્મુખ કરીને અભેદ થતાં અંશે શુદ્ધોપયોગ પ્રગટે છે, અને ત્યાં અનંતાનુબંધી કષાયનો અભાવ થયો તેટલી શાંતિ પ્રગટી, અજ્ઞાનીને તો વસ્તુસ્વરૂપનું ભાન નથી, તેને સાચી શાંતિ હોય નહીં, ને તેને બાર ભાવના યથાર્થ હોય નહિ.

આ બાર ભાવનાઓ સમ્યગ્દૃષ્ટિ જીવોને આનંદની જનની છે. ધર્મીને ચિદાનંદ સ્વભાવનું ભાન છે. તેને અનિત્ય વગેરે બાર ભાવનાનું ચિંતવન કરતાં જ્ઞાનની એકાગ્રતા થતી જાય છે ને વીતરાગભાવ વધતો જાય છે એનું નામ ભાવના છે, ને એવી ભાવના ભવ્ય-જીવોને આનંદની જનની છે. આ ભાવના તે આસ્રવ નથી પણ સંવરનો પ્રકારનો છે. વચ્ચે શુભ રાગ હોય તે આસ્રવ છે, તેની આ ભાવનામાં મુખ્યતા નથી. સ્વભાવની દૃષ્ટિપૂર્વક શુદ્ધતા વધે તેનું નામ ભાવના છે ને એવી ભાવના સ્વભાવના ભાન વગર શુભરાગથી બાર-ભાવના ભાવે તેની આ વાત નથી. જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિપૂર્વક આ ભાવના ભાવતાં ભાવતાં જ્ઞાનની એકાગ્રતા થતી જાય ને શુદ્ધતા વધતી જાય એનું નામ ભાવના છે. જ્ઞાનસ્વભાવની રુચિ થવી જોઈએ. સત્ય વસ્તુસ્વરૂપ શું છે ને કોના આશ્રયથી કલ્યાણ છે તેનો નિર્ણય થવો જોઈએ, પછી ભલે અમુક પ્રમાદ હોય, રાગ હોય, પણ રુચિમાં સ્વભાવ તરફનું જોર હોવું જોઈએ, તો તે જીવ સત્ય માર્ગે છે. અજ્ઞાની જીવ પોતાને પરાધીન દૃષ્ટિ હોવાથી શાસ્ત્રોમાંથી પણ તેવો આશય કઢીને શાસ્ત્રોને પોતાને અનુકુળ બનાવવા માગે છે. પણ શાસ્ત્રોમાં તેવો આશય છે જ નહિ. ગુરુગમ વગર સ્વછંદે તે જીવ શાસ્ત્રોના ઊંધા અર્થે કરે છે. અહીં તો કહે છે કે દ્રવ્યની સમય સમયની પર્યાય સ્વતંત્ર છે. ચિદાનંદસ્વભાવની દૃષ્ટિમાં ધર્મીજીવને રાગની પણ ભાવના નથી, એવા જીવને વસ્તુસ્વરૂપની આવી ભાવના હોય છે. તેનું આ વર્ણન છે.

सर्वेषां पर्यायाणां अविद्यमानानां भवति उत्पत्तिः ।
कालादिलब्ध्या अनादिनिधने द्रव्ये ।।२४४।।

અર્થ :—અનાદિનિધન દ્રવ્યમાં કાળાદિ લબ્ધિથી સર્વ પર્યાયોની અવિદ્યમાન જ ઉત્પતિ છે. ૨૪૪.

નિયત કહો, યોગ્યતા કહો, સ્વકાળ કહો, કાળલબ્ધિ કહો, તે વસ્તુમાં સમયે સમયે પોતાના સ્વરૂપથી જ ઊપજે છે. બધી વસ્તુમાં ત્રણકાળના પર્યાયો નિશ્ચિત છે, પણ તે પ્રગટરૂપ નથી. એક સમયે એક પર્યાય જ વિદ્યામાન હોય છે, ને બીજા પર્યાયો અવિદ્યમાન હોય છે. તેથી અવિદ્યમાન પર્યાયોની ઉત્પતિ કહેવામાં આવે છે. દ્રવ્ય અપેક્ષાએ એમ કહેવાય કે "જે હતું તે ઊપજ્યું માટે સત્ ઉત્પાદ છે" પણ અહીં પર્યાય અપેક્ષાએ વાત છે. પર્યાય અપેક્ષાએ જે પર્યાય પહેલાં ન હતી તે ઊપજી — એમ અસતનો ઉત્પાદ છે. પર્યાય પહેલાં ન હતી ને ક્યાંથી થઈ ? કે વસ્તુનું સ્વરૂપ એવું છે કે તેમાં અવિદ્યમાન પર્યાયની ઉત્પતિ થાય છે. નિમિત્ત કાંઈ તેની ઉત્પત્તિ કરતું નથી. ઉદાસીન નિમિત્ત હો કે પ્રેરક નિમિત્ત હો – તે બન્ને ભેદો પર છે, તે ઉપાદાનને કાંઈ કરતાં નથી. નિમિત્તના પ્રકારો ઓળખાવવા તેના પ્રેરક અને ઉદાસીન એવા બે ભેદ કહ્યા છે. પણ તેનો અર્થ એમ નથી કે પ્રેરક નિમિત્તે ઉપાદાનમાં કાંઈ કર્યું. નિમિત્ત અનુકૂળ હોય છે. પરિણમનમાં કાળને જ નિમિત્ત કહેવાય, ને ગતિમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે–એ રીતે નિમિત્ત અનુકૂળ હોય છે, પ્રેરક નિમિત્ત છે તે પણ ઉદાસીન જેવું છે, બધાં નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે. ધજા ફરકતી હોય તેમાં ધર્માસ્તિકાયને ઉદાસીન નિમિત્ત કહેવાય ને પવનને પ્રેરક નિમિત્ત કહેવાય, ત્યાં પવન પોતે ગતિ કરે છે તેથી તેને પ્રેરક નિમિત્ત કહ્યું પણ તે કાંઈ ધજાને ગતિ કરાવતું નથી. બધાય દ્રવ્યો પોતપોતાની સ્વકાળલબ્ધિથી જ ઊપજે છે. જે કાળે જે પર્યાય થઈ તે જ કાળલબ્ધિ છે. પર્યાયથી જુદી કોઈ કાળલબ્ધિ નથી.

શ્રી મોક્ષમાર્ગપ્રકાશમાં આ સંબંધી કહે છે કે :—

પ્રશ્ન :—મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર બને છે કે મોહાદિકનો ઉપશમાદિ થતાં બને છે કે પોતાના પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરતાં બને છે ? તે કહો, જો પહેલાં બે કારણો મળતા બને છે તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો ? તથા જો પુરુષાર્થથી બને છે તો સર્વ ઉપદેશ સાંભળે છે છતાં તેમાં કોઈ પુરુષાર્થ કરી શકે છે તથા કોઈ નથી કરી શકતા તેનું શું કારણ ?

ઉત્તર :—એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. મોક્ષનો ઉપાય બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણે કારણો મળે છે તથા નથી બનતો ત્યાં એ ત્રણે કારણો નથી મળતાં; પૂર્વોક્ત ત્રણ કારણો કહ્યાં તેમાં કાળલબ્ધિ વા ભવિતવ્ય તો કોઈ વસ્તુ જ નથી, જે

કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ તથા જે કાર્ય થયું તે જ ભવિતવ્ય. વળી કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્‌ગલની શક્તિ છે. તેનો કર્તાહર્તા આત્મા નથી, તથા પુરુષાર્થ પૂર્વક ઉદ્યમ કરવામાં આવે છે તે આત્માનું કાર્ય છે માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ છીએ. ×××× જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે તેનાથી તો મોક્ષ અવશ્ય થાય જ. માટે જે જીવ જિનેશ્વરના ઉપદેશ અનુસાર પુરુષાર્થ પૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો કાળલબ્ધિ વા ભવિતવ્ય પણ થઈ ચૂકયા.

દ્રવ્ય ત્રિકાળ છે, તેનું ક્ષેત્ર ત્રિકાળ છે, તેનો ભાવ એટલે કે ગુણો પણ ત્રિકાળ છે, ને કાળ તે એક સમયની પર્યાય છે. આવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દરેક દ્રવ્યનાં સ્વતંત્ર છે. કૂવામાંથી પાણી ઊંચુ આવે ત્યાં માણસના કારણે તે પાણી ઊંચું ચડયું નથી, પણ પાણીના દરેક પરમાણુ પોતપોતાની કાળલબ્ધિથી એટલે કે પર્યાયની યોગ્યતાથી જ ઊંચે આવ્યા છે. દોરી અને ડોલ તેમના કારણે ચાલે છે; યથાર્થ વસ્તુસ્વરૂપ સમજવું હોય તો પૂર્વનો આગ્રહ છોડી દેવો જોઈએ, તે પકડી રાખવું એવો આગ્રહ ન હોય-ભૂલ તો અનાદિથી છે પણ સાચું સમજીને તે ભૂલ ટાળે તેની બલિહારી છે.

પરિષહજય એટલે શું? બહારમાં પ્રતિકૂળ સંયોગ આવ્યા તે તો ભિન્ન છે, તે વખતે વિકલ્પ ઊઠ્યો ને બીજે સમયે તે વિકલ્પને ટાળવો એનું નામ કાંઈ પરિષહજય નથી, વિકલ્પ ઊઠ્યો તેટલો પરિષહજયનો અભાવ છે, પણ સ્વભાવના આશ્રયે વીતરાગભાવ રહેતાં રાગની ઉત્પત્તિ જ ન થાય તેનું નામ પરિષહજય છે. વિકલ્પ ઊઠ્યો ને બીજે સમયે તેને જીત્યો એમ નથી બીજે સમયે તો વિકલ્પ ટળી જ જાય છે તો જીતવો કોને? વસ્તુના આશ્રયે વિકલ્પ થયો જ નહિ તેનું નામ પરિષહજય છે, ને તે સંવર છે.

ત્રિકાળી વસ્તુમાં સમયે સમયે નવી નવી પર્યાય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ ઊપજે છે. ત્રણ કાળની પર્યાય વસ્તુમાં પ્રગટે છે ને નિમિત્ત અનુસાર તે પર્યાય પ્રગટે છે-એમ નથી; પણ તે તે સમયની પર્યાયના કાળે તે અવિદ્યમાન પર્યાય નવી પ્રગટે છે. શબ્દ સાંભળ્યા માટે જ્ઞાનની પર્યાય પ્રગટી એમ નથી પણ જ્ઞાનગુણની તે અવિદ્યમાન પર્યાય કાળાદિલબ્ધિ પામીને પ્રગટી છે. કાળાદિલબ્ધિ તે પર નથી, પણ પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે, દ્રવ્યમાં સમયે સમયે ક્રમે ક્રમે પર્યાય ઉત્પન્ન થાય છે. વિભાવપર્યાય પણ કર્મના કારણે ઊપજતી નથી, પણ પોતાના જ કારણે ઊપજે છે. કર્મની પર્યાય ક્રમે ક્રમે કર્મમાં ઊપજે છે ને આત્માની પર્યાય આત્મામાં ઊપજે છે. બન્નેની પર્યાયનો ઉત્પાદ ભિન્ન ભિન્ન છે, કોઈના કારણે કોઈની પર્યાય નથી.

જુઓ, સમય સમયની પર્યાય સ્વતંત્ર છે. એક સમયે એક પર્યાય વ્યક્ત ને બીજી અનંત પર્યાયોનું સામર્થ્ય તો દ્રવ્યરૂપે પડયું છે. જો આવું સમજે તો

દ્રવ્યસન્મુખ દૃષ્ટિ થયા વગર રહેજ નહિ. ત્રણ કાળની પર્યાયનો પિંડ તે દ્રવ્ય – એમ કહ્યું ત્યાં પર્યાયો થવાનું સામર્થ્ય દ્રવ્યમાં છે એમ સમજવું પણ તે પર્યાયો પ્રગટરૂપ નથી. શક્તિ છે તેમાંથી વ્યક્ત થાય છે. ભવિષ્યની પર્યાયો અત્યારે કાંઈ પર્યાયરૂપે નથી, પણ દ્રવ્યની શક્તિરૂપે છે.

અહો ! આવું વસ્તુસ્વરૂપ સમજ્યા વગર શાંતિ આવે ક્યાંથી ? સ્વતંત્ર વસ્તુસ્વભાવ સમજીને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરે તો વીતરાગી શાંતિ પ્રગટે. લોકો ઘણાં વર્ષો મંદકષાય કરીને વ્રતાદિ માને છે, પણ એટલુંય વિચારતા નથી કે આટલા આટલા કાળથી મંદકષાય ને વ્રતાદિનો શુભરાગ કરવા છતાં અંતરમાં સમ્યગ્દૃષ્ટિ તો પ્રગટી નહીં ને સ્વભાવની શાંતિ તો આવી નહિ, તો તારા મંદકષાયે ને વ્રતે શું કર્યું ? ભાઈ ! વસ્તુસ્વરૂપના ભાન વિના તારા વ્રતાદિ તે તો બાળવ્રત ને બાળતપ છે, બાળવ્રત એટલે કે મૂર્ખાઈ ભરેલા વ્રત; વસ્તુ સ્વરૂપના ભાન વિના અજ્ઞાનીઓ વ્રત, તપ વગેરેમાં ધર્મ માનીને કલેષ કરો તો કરો પણ તેથી કાંઈ ભવનો અંત આવવાનો નથી. વસ્તુસ્વભાવ શું છે ? તે જાણીને તેનો આશ્રય કરે તો વીતરાગભાવ પ્રગટે ને ભવનો અંત આવે. તે માટે પહેલાં સ્વતંત્ર વસ્તુ સ્વરૂપ શું છે તેનો નિર્ણય કરવો જોઈએ.

આગળ દ્રવ્ય અને પર્યાયોને કથંચિત્ ભેદ–અભેદપણું દર્શાવે છે :—

द्रव्याणां पर्यायाणां धर्म्मविवक्षा क्रियते भेदः ।
वस्तुस्वरूपेण पुनः न हि भेदः शक्यते कर्तुम् ॥ २४५ ॥

અર્થ :—દ્રવ્ય અને પર્યાયમાં ધર્મ—ધર્મીની વિવક્ષાથી ભેદ કરવામાં આવે છે પરંતુ વસ્તુસ્વરૂપથી ભેદ થઈ શકતો નથી. ૨૪૫.

અહીં પર્યાયને પણ વસ્તુનો ધર્મ કહ્યો છે. અહીં 'ધર્મ'નો અર્થ 'મોક્ષમાર્ગ' નથી પણ વસ્તુનો અંશ હોવાથી તેને ધર્મ કહ્યો છે. પર્યાય તે પણ અંશીનો અંશ છે, માટે તે ધર્મ છે. રાગ પર્યાય થઈ તે પણ આત્માની પર્યાય છે તેથી તે પણ આત્માનો ધર્મ છે. દ્રવ્ય તે ધર્મી અને પર્યાય તે ધર્મ; ગુણ–પર્યાયોને ધારણ કરે તે ધર્મી છે અને તેના ગુણ–પર્યાયો તે ધર્મ છે. એકેક સમયની પર્યાય તે વસ્તુનો પોતાનો ધર્મ છે. ભલે પર્યાય ત્રિકાળ નથી, પણ વર્તમાન પૂરતો તે વસ્તુનો ધર્મ છે. વસ્તુનો ધર્મ કોઈ પરને લીધે થયો નથી. રાગ તે આત્માનો ધર્મ છે તો કર્મે રાગ કરાવ્યો એ વાત રહેતી નથી. છએ દ્રવ્યોની પર્યાય તે તેનો ધર્મ છે, પર્યાય તે પદાર્થનો જ એક ભાગ છે. પદાર્થથી તેની પર્યાય સર્વથા જુદી નથી. સ્ફટિકમાં રતાશ થઈ તે સ્ફટિકનો ધર્મ છે, સામા ફૂલના કારણે તે પર્યાય થઈ નથી. સામા ફૂલનો ધર્મ તેની પર્યાયમાં છે ને સ્ફટિકની પર્યાય તે સ્ફટિકનો અંશ છે. તે સ્ફટિકની પર્યાયમાં ફૂલનો અભાવ છે. તેમ જ કેવળ-જ્ઞાનમાં લોકાલોકના પદાર્થો નિમિત્ત છે, પણ કાંઈ તે લોકાલોકની ઝલક કેવળજ્ઞાનમાં

પડતી નથી, જ્ઞાન પોતે પોતાની તેવી સ્વપરપ્રકાશક પર્યાયપણે પરિણમ્યું છે, નિમિત્તો તો ભિન્ન છે. તેઓ કાંઈ જ્ઞાનમાં આવી જતા નથી, પણ જ્ઞાન સામર્થ્ય બતાવવા માટે ઉપચારથી એમ કહેવાય કે "જ્ઞાનમાં જાણે કે બધા પદાર્થો ઊંડા ઉતરી ગયા હોય, જ્ઞાનમાં કોતરાઈ ગયા હોય" પણ કાંઈ પર પદાર્થો જ્ઞાનમાં આવી જતા નથી, જ્ઞાન પોતાના પરિપૂર્ણ સ્વભાવ સામર્થ્યરૂપે પરિણમી રહ્યું છે તે બતાવવા માટે નિમિત્તનું કથન છે, ખરેખર જ્ઞાનપર્યાય થઈ તે આત્માનો ધર્મ છે, ને આત્મા ધર્મી છે.

દ્રવ્ય અને પર્યાયમાં ધર્મ-ધર્મીની વિવક્ષાથી ભેદ કહેવામાં આવે છે, એટલે કે દ્રવ્ય તે ધર્મી છે, ને પર્યાય તે તેનો ધર્મ છે; પણ દ્રવ્ય અને પર્યાય બન્ને કાંઈ સર્વથા જુદા જુદા નથી, વસ્તુપણે બન્ને અભેદ છે. જુઓ તો ખરા! આ ભાવના! સ્વભાવની દૃષ્ટિ રાખીને વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા બતાવી છે. દ્રવ્યદૃષ્ટિ ક્યાંય છોડી નથી, ને પર્યાયની પરાધીનતા ક્યાંય કહી નથી, મારી પર્યાય પરના કારણે થાય એમ માનનારે પર્યાયને વસ્તુનો ધર્મ માન્યો નથી, પણ દ્રવ્ય-પર્યાયને સર્વથા જુદા માન્યા છે. તેને વસ્તુનું ભાન નથી. વિકારીભાવ થયો તે પણ તે આત્માનો ધર્મ છે. અહીં સુખના કારણરૂપ આ ધર્મ નથી પણ વસ્તુનો અંશ હોવાથી પર્યાય તે વસ્તુનો ધર્મ છે. પછી જડની પર્યાય તે જડનો ધર્મ ને આત્માની પર્યાય તે આત્માનો ધર્મ. વિકારી પર્યાય હો કે નિર્મળ પર્યાય હો તે બન્ને તેનો ધર્મ છે.

પર્યાયજ્ઞાન, પર્યાયસમાસજ્ઞાન વગેરે વીસ ભેદો શ્રુતજ્ઞાનના છે. તેમાં પર્યાયજ્ઞાન તે સૌથી જઘન્યજ્ઞાન હોય છે, તે પણ જીવનો તે સમયનો ધર્મ છે. સૂક્ષ્મ નિગોદિયા લબ્ધિ-અપર્યાપ્તિક જીવને પોતાને યોગ્ય જેટલા ભવ સંભવે છે તેટલા (૬૦૧૨) ભવોમાં ભ્રમણ કરીને છેલ્લા અપર્યાપ્ત શરીરને ત્રણ મોડાપૂર્વક ધારણ કરે તેમાં પહેલાં સમયે જે સૌથી જઘન્ય શ્રુતજ્ઞાનનો ઉઘાડ હોય છે, તેનું નામ 'પર્યાયજ્ઞાન' છે, આટલું જ્ઞાન તો સદા રહે જ છે. તેમાં કદી આવરણ થતું નથી. તેથી તેને "નિત્યોદ્‌ઘાટ" કહ્યું છે. જો આટલા જ્ઞાનનો પણ અભાવ થઈ જાય તો જીવ અચેતન થઈ જાય. આ જે સૌથી અલ્પજ્ઞાન છે. તે પણ જીવની પોતાની પર્યાયનો સ્વભાવ છે. એટલે તે પણ જીવનો ધર્મ છે. આ પર્યાયજ્ઞાન એક સમય જ રહે છે, બીજા સમયે તે રહેતું નથી. આ જ્ઞાન કાંઈ ત્રિકાળરૂપ નથી. નિયમસારમાં કાંઈ આ પર્યાયજ્ઞાનને કારણસ્વભાવજ્ઞાન નથી કહ્યું, કારણ-સ્વભાવજ્ઞાન કહેવાય છે તે તો ત્રિકાળ પારિણામિકભાવે છે, ને આ પર્યાયજ્ઞાન તે તો એક સમય પૂરતું છે, ને ક્ષયોપશમભાવે છે, તેનાથી જુદી વાત છે. સમય સમયની જ્ઞાનની પર્યાય ઊપજે છે તે જ્ઞાનનો પોતાનો ધર્મ છે. ઇચ્છા થાય ને શરીર ચાલે, ત્યાં શરીર ચાલ્યું તે કાંઈ આત્માનો ધર્મ નથી. શરીર ચાલ્યું કે ભાષા બોલાણી—તે

[ અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૧૩ ]

# 卐 શુદ્ધ પરમતત્ત્વની ભાવના ભાવ 卐

[ શ્રી નિયમસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આજે ધનતેરશનો દિવસ છે. ગાય વગેરે દૂધ આપે તેના વાછડા ખેતીમાં કામ આવે વગેરે કારણસર લૌકિકમાં ગાયને પૂજવાનો આજે દિવસ ગણાય છે. પણ તે તો બધો સંસાર છે. તેમાં માલ નથી. તેવી પૂજાથી કે બહારના ધનથી કાંઈ વળે તેવું નથી. આત્મામાં એવું ધન ભર્યું છે કે જેની પૂજા કરવાથી પોતાની પર્યાયનું પ્રતિપાલન થાય છે, રાગ-દ્વેષથી રક્ષણ થાય છે. એટલા માટે આ શ્લોક ૬૬માં નિજાત્મતત્ત્વ કેવું છે તે કહે છે:—

શ્લોકાર્થ:—જે અનાકુળ છે, અચ્યુત છે, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે, સહજ નિર્મળ સુખામૃતમય છે, તે સમયસારને હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું. ૬૬.

"જેમ લૌકિકમાં કહેવાય છે કે ધ્રુવ તારો પોતાનું સ્થાન છોડતો નથી તેમ ધ્રુવ સ્વભાવ પોતાનો શુદ્ધ સ્વભાવ કદી છોડતો નથી."

કેવું છે તત્ત્વ? એક સમયની પર્યાયના રાગ વિનાનું આનંદમય છે. અનાકુળ છે. વર્તમાન પર્યાયમાં રાગ-દ્વેષ છે તે ક્ષમાની વિકૃતિ બતાવે છે, વિકૃતિ પાછળ ક્ષમાસાગર કાયમી અનાકુળ શાંતસ્વરૂપ રહેલું છે. આકુળતા કાયમી સ્વભાવ હોઈ શકે નહીં. આત્માનો કાયમી સ્વભાવ શાંત અને અનાકુળ છે.

વળી તે શુદ્ધતત્ત્વ અચ્યુત છે. વિકાર ખસી જાય છે પણ શુદ્ધ સ્વભાવ કદી ખસતો નથી. વળી શુદ્ધ સ્વભાવ કદી જન્મતો નથી, મરતો નથી તેમ જ તેને રાગાદિ હોતા નથી, રોગ, શોક, ઉપાધિ મૂળ સ્વભાવમાં નથી.

સંસારના લોલુપી જીવો કહે છે કે 'કામકાજ આડે અમે મરવા પણ નવરા નથી' આવા જીવોને તીવ્ર કષાયના ભાવ વર્તે છે. તેવા જીવને ધંધાની પેઢી સારી ચાલતી દેખાતી હોય તોપણ તે જીવ કષાયની ધીકતી પેઢી ચલાવી રહ્યો છે. ક્રોધ, માન, માયા, લોભના પરિણામ કરીને રખડવાનો લાભ મળે છે. પર્યાયબુદ્ધિમાં જીવ રોકાયો હોવાથી તેને ધ્રુવબુદ્ધિ થતી નથી. જીવના શુદ્ધ સ્વભાવમાં હરખ–શોકની ઉપાધિ નથી. લૌકિકમાં જેમ કહેવત છે કે ધ્રુવ તારો પોતાનું નિશ્ચિત સ્થાન છોડતો નથી તેમ આત્માનો ધ્રુવસ્વભાવ પોતાની શુદ્ધતાનું સ્થાન કદી છોડતો નથી. રાગ-દ્વેષ આવા થશે અથવા રાગ કેવો કરવો તેનું તારે શું પ્રયોજન છે? કાંઈ નથી. માટે આત્મા અનાકુળ છે, રોગાદિ રહિત છે તેની દૃષ્ટિ કર.

વળી આત્મા સ્વાભાવિક નિર્મળ સુખ અમૃતમય છે. જેમાં જરા પણ દુઃખ નથી એવો સુખનો ભરેલો શુદ્ધ આત્મા છે. વર્તમાન પર્યાય ગૌણ કરી ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ કરાવે છે.

જે જીવ શુદ્ધ આત્મારૂપી લક્ષ્મીને ઉપશમરસ વડે ભજે છે એ જ ખરી ધનતેરસને ઊજવે છે.

મુનિ કહે છે કે આવા શુદ્ધ આત્માને હું સમરસભાવથી પૂજું છું. સમયસાર શાસ્ત્રની વાત નથી પણ સમયસાર કહેતાં શુદ્ધ આત્માને પૂજું છું. દેવ-ગુરુને નહિ, પુણ્યને નહિ, એક સમયની પર્યાયને પણ નહિ; પણ એકલા શુદ્ધ આત્માને પૂજું છું. ધનતેરસમાં અજ્ઞાની ધનની પૂજા કરે છે ને દૂધ, દહીં, ખાંડ વગેરે રસ ખાય છે પણ તેમાં કાંઈ માલ નથી, તે તો આકુળતા છે. આત્મા ત્રિકાળ શુદ્ધ છે તેને પુણ્ય-પાપ વિનાના ઉપશમરસ વડે પૂજું છું. આત્મા તરફ વાળું છું. આ સમરસની પૂજા છે. જેમ ભગવાન ઉપર અભિષેક કરે છે તેમ ત્રિકાળ સ્વભાવ ભગવાન ઉપર સમરસ વડે અભિષેક કરે તે ભગવાનની ખરી પૂજા છે, તે આત્મલક્ષ્મીરૂપી ધનની પૂજા છે. તેણે ધનતેરસ ઊજવી કહેવાય.

શ્લોકાર્થ :—એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે (આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવે) જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું અને જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે, તે નિજાત્મતત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું. ૬૭.

ટીકાકાર મુનિરાજ સિદ્ધપદની પ્રાપ્તિ અર્થે શુદ્ધ આત્મતત્ત્વને ભાવે છે.

આ રીતે આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવે વિશુદ્ધ નિજ આત્મતત્ત્વનું વર્ણન કર્યું; તેને જાણીને લાયક જીવો મુક્તદશાને પામે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ અથવા પરપદાર્થને જાણી તે મુક્તિ પામે છે એમ કહ્યું નથી પણ પોતાને જાણીને મુક્તિ પામે છે એમ વાત કરી છે. પરથી ન જણાય તેવો ને સ્વથી જણાય તેવો જે શુદ્ધ આત્મા તેને હું ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે ભાવું છું.

સિદ્ધના પરમ સુખની વાત કરે છે, લોકમાં સુખ નથી. મુનિરાજ કહે છે કે મારે બીજું કાંઈ કામ નથી. અંતર એકાગ્રતા કરી સિદ્ધપદ પામું એવી ભાવના છે. ભવિષ્યમાં ભગવાન મળે એવી અથવા શુભભાવ કરું એવી ભાવના મુનિ કરતા નથી. ભક્તિમાં કથન આવે કે "હે પ્રભુ! ભવોભવ તમારા ચરણની સેવા હજો" તે કથન નિમિત્તથી છે. ત્યાં પણ શુદ્ધ સ્વભાવની એકાગ્રતાની માગણી છે પણ રાગ છે એટલે પ્રભુ ઉપર આરોપ કરે છે. અહીં ટીકાકાર મુનિરાજ સિદ્ધપદની પ્રાપ્તિ અર્થે શુદ્ધાત્માની ભાવના ભાવે છે.

શ્લોકાર્થ :—પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે, દોષ રહિત છે, નિર્દ્વંદ્વ છે

અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. જગતમાં જે ભવ્ય જનો તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે. ૬૮.

**પરમ આત્મતત્ત્વ અનાદિ અનંત છે, નિર્દોષ છે ને ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.**

પુણ્ય-પાપ, સંવર, નિર્જરા વગેરે તત્ત્વો વિનાનું પરમાત્મતત્ત્વ છે. પુણ્ય, પાપ, સંવર, નિર્જરાનો અંત આવી જાય છે. વળી મોક્ષનો અંત આવતો નથી પણ તેને આદિ છે. શુદ્ધ સ્વાભાવિકતત્ત્વ આદિ ને અંત વિનાનું છે. પરમ આત્મતત્ત્વમાં દોષ નથી. વિકાર અગર દોષ એક સમયની પર્યાયમાં થાય છે, ત્રિકાળતત્ત્વમાં દોષ નથી. વળી નિર્દ્વંદ્વ છે. આત્મા દ્રવ્યે શુદ્ધ છે ને પર્યાયે અશુદ્ધ છે એવા બે ભેદો-બેપણું પરમતત્ત્વમાં નથી. વળી તે કદી પણ નાશ ન થાય તેવું અક્ષય, વિશાળ, ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. તેનું અવલંબન લેવું તે સારરૂપ છે.

**ભવ્ય જીવો શુદ્ધ પરમતત્ત્વની ભાવના ભાવીને મોક્ષદશાને પામે છે.**

નિમિત્તો તથા પર્યાયોને પલટાવવાની બુદ્ધિ, આવો રાગ કરું, આવું નિમિત્ત મેળવું તે બધી પર્યાયબુદ્ધિ છે ને સંસારનું કારણ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, કોઈનો ફેરફાર કરનાર નથી, એવી સ્વભાવબુદ્ધિ થવી તે ધર્મનું કારણ છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કહો કે—સ્વભાવબુદ્ધિ કહો એક જ છે. જે લાયક જીવો પોતાના શુદ્ધ આત્મામાં એકાગ્રતાને પામે છે તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધદશાને પામે છે. દેવ, શેઠ, રાજા વગેરે જન્મ-મરણથી દુઃખી છે. સર્વાર્થસિદ્ધિના દેવોનો ભવ મળવો તે દુઃખ છે. કારણ કે એટલો રાગ છે. તો રાગના ફળમાં ભવ મળે છે માટે જે લાયક જીવો શુદ્ધ આત્માને ભજે છે તે દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે.

"નિર્ગ્રંથ છે નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે." ૪૪.

અર્થ :—આત્મા નિર્ગ્રંથ, નીરાગ, નિઃશલ્ય, સર્વદોષવિમુક્ત, નિષ્કામ, નિઃક્રોધ નિર્માન, અને નિર્મદ છે. ૪૪.

ટીકા :—અહીં આ ગાથામાં પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.

"શુદ્ધ જીવ બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહથી રહિત છે માટે નિર્ગ્રંથ છે"

"શુદ્ધ જીવાસ્તિકાય બાહ્ય અભ્યંતર ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે." અહીં જીવને શુદ્ધ જીવાસ્તિકાય કહ્યો છે. અસંખ્ય પ્રદેશાત્મક શુદ્ધ જીવ કહો, કારણપરમાત્મા કહો, ધ્રુવસ્વભાવ કહો, બધું એક જ છે. જે ક્ષેત્રમાંથી અથવા જેની એકાગ્રતાથી સમ્યગ્દર્શન પર્યાય પ્રગટે છે તે અસંખ્યપ્રદેશી જીવ છે. તેમાં પરિગ્રહ નથી. બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહ હતા ને પછી છોડ્યા એવો અહીં અર્થ નથી. પરિગ્રહનો

ત્યાગ કરવો તે પર્યાયમાં જાય છે. અહીં પર્યાયને ગૌણ કરીને શુદ્ધ જીવની વાત ચાલે છે. ધન, ધાન્ય, દાસ, દાસી, કપડા વગેરે દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહ શુદ્ધ આત્મામાં નથી. રાગ-દ્વેષવાળી પર્યાયમાં તે નિમિત્તરૂપે હોય છે, પણ અહીં શુદ્ધ સ્વભાવની વાત છે. શુદ્ધ સ્વભાવમાં બાહ્ય પરિગ્રહના નિમિત્તપણાનો અભાવ છે. વળી મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ ને હાસ્ય, રતિ, અરતિ, ભય અને શોક વગેરે નવ નોકષાય મળી ૧૪ અભ્યંતર પરિગ્રહ સંસારદશા વિષે એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં તે અભ્યંતર પરિગ્રહ નથી. આવા પરિગ્રહ રહિત હોવાથી શુદ્ધ જીવ નિર્ગ્રંથ છે. અહીં નિર્ગ્રંથ એટલે મુનિદશા એવો અર્થ નથી પણ શુદ્ધ જીવ ત્રિકાળ નિર્ગ્રંથ સ્વરૂપ છે. તેની આ વાત છે કે જેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થઈ પર્યાયમાં નિર્ગ્રંથતા પામે ને શરીરમાં પણ નિર્ગ્રંથતા–નગ્નદશા શરીરના કારણે થઈ જાય.

**(૨) આત્મામાં સકળ મોહ-રાગ-દ્વેષનો અભાવ છે માટે આત્મા નીરાગ છે.**

"સકળ મોહ–રાગ–દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે." આત્માની સંસારદશામાં મોહ–રાગ–દ્વેષના પરિણામ પર્યાયમાં થાય છે તેને ચેતનકર્મ કહ્યું છે. કારણ કે આત્મા તેવા પરિણામ પોતે કરે છે. કોઈ પરપદાર્થ કે નિમિત્ત કરાવતું નથી. જો જીવ રાગ–દ્વેષ કરે છે તો કર્મ, શરીર વગેરેને નિમિત્ત કહેવાય છે. પણ ત્રિકાળીમાં તેવો સંબંધ નથી. અહીં તો શુદ્ધ સ્વભાવમાં મિથ્યાત્વ રાગ–દ્વેષ નથી માટે નીરાગ છે. એવા આત્માને શ્રદ્ધવો તે ધર્મનું કારણ છે.

**(૩) શુદ્ધ આત્મા ત્રણ શલ્યોથી રહિત છે માટે નિઃશલ્ય છે.**

નિદાન, માયા અને મિથ્યાત્વ એ ત્રણ શલ્યોના અભાવને લીધે "નિઃશલ્ય છે." કાંઈ પણ પુણ્યભાવ કરી દેવગતિ કે શેઠાઈ વગેરે પદવી માગવી તે નિદાનશલ્ય છે. પોતાના સ્વરૂપમાં આડ મારવી—દંભ કરવો તે માયા છે. આત્માના શુદ્ધ સ્વભાવથી વિપરીત માન્યતા તે મિથ્યાત્વ શલ્ય છે. આવા શલ્યો આત્માની એક સમયની પર્યાયમાં હોય છે પણ શુદ્ધ સ્વભાવમાં નથી માટે આત્મા નિઃશલ્ય છે. એવા આત્માને ભજવો તે ધર્મનું કારણ છે.

**(૪) શુદ્ધ આત્મામાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો અભાવ છે માટે તે સર્વદોષ-વિમુક્ત છે."**

"શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ જીવાસ્તિકાયને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો અભાવ હોવાને લીધે તે સર્વદોષવિમુક્ત છે."

જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મો છે તે જડ છે. શરીર, મન, વાણી આદિ નોકર્મ છે. રાગ–દ્વેષના પરિણામ તે ભાવકર્મ છે. સંસારદશા વિષે પર્યાયમાં ભાવકર્મને દ્રવ્યકર્મ તથા નોકર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. વ્યવહારનય એક સમયની પર્યાયનું જ્ઞાન

કરાવે છે. તે જાણવા માટે છે પણ આદરણીય નથી. સાચી દષ્ટિથી એટલે ત્રિકાળદષ્ટિથી જોવામાં આવે તો શુદ્ધ આત્મામાં દ્રવ્યકર્મ-ભાવકર્મ ને નોકર્મનો અભાવ છે. તેથી આત્મા સર્વદોષવિમુક્ત છે. પર્યાયમાં દોષ છે સ્વભાવમાં નથી. એમ અસ્તિ-નાસ્તિનું યથાર્થજ્ઞાન થઈ જાય છે ને આવા સ્વભાવનો આશ્રય લેતા પર્યાયનો દોષ પણ ટળી જાય છે.

**(૫) હું શુદ્ધ કારણપરમાત્મા છું એવી વાંછા પણ શુદ્ધ સ્વભાવમાં નથી માટે આત્મા નિષ્કામ છે.**

"શુદ્ધ નિશ્ચયનયથી નિજ પરમતત્ત્વની પણ વાંછા નહિ હોવાથી નિષ્કામ છે" પરપદાર્થોની વાંછા કરવી, નિમિત્તની, દેવ-શાસ્ત્ર-ગુરુની, વ્યવહારરત્નત્રયની ઇચ્છા પણ રાગ છે. તે પર્યાયમાં છે પણ શુદ્ધ સ્વભાવમાં નથી. વળી ત્રિકાળ સ્વભાવના આશ્રયે નિર્મળ રત્નત્રય પ્રગટે તેવી વાંછા પણ સ્વભાવમાં નથી પણ અહીં તો એથી આગળ કહેવું છે કે હું શુદ્ધ કારણપરમાત્મા છું, મારા આશ્રયે ધર્મદશા પ્રગટ થાય છે એવી પરમતત્ત્વની વાંછા પણ રાગ છે, તે પર્યાયમાં હોય છે. પણ શુદ્ધ દષ્ટિથી જોવામાં આવે તો પરમતત્ત્વની વાંછા પરમતત્ત્વમાં નથી. જો સ્વરૂપમાં તેવી ઇચ્છા હોય તો સ્વરૂપ તેવી ઇચ્છાથી રહિત થઈ શકે નહીં. નિજતત્ત્વને ગ્રહણ કરું એ પણ રાગ છે. પરવસ્તુની તેમ જ દેવ-ગુરુની તો વાત નથી પણ પોતાના તત્ત્વને અંગીકાર કરું' એ પણ રાગ છે, તેના વડે આત્મા પ્રાપ્ત થાય તેવો નથી. અહો ! કેટલી સરસ વાત કરી છે. જગતના જીવોને પ્રશસ્ત રાગ ગળે વળગ્યો છે. અહીં તો ઘણી સૂક્ષ્મ વાત કરી છે. પર વસ્તુને છોડવાની તો વાત નથી પણ પોતે શુદ્ધ આત્મા છે એવો વિકલ્પ પણ શુદ્ધ આત્મામાં નથી. પરવસ્તુના ગ્રહણ-ત્યાગ તો આત્મામાં છે જ નહીં પણ શુદ્ધસ્વભાવમાં રાગના ગ્રહણ-ત્યાગ પણ નથી. શુદ્ધ સ્વભાવ વાંછા રહિત છે છતાં જે જીવ એમ માને છે કે હું રાગને ગ્રહું છું તેની દષ્ટિ પર્યાય ઉપર છે. કયા શુભરાગને છોડવો છે? વર્તમાન જે રાગ થયો તેને કેવી રીતે છોડવો? ને ભવિષ્યનો રાગ તો પર્યાયમાં પણ નથી તેમ જ દ્રવ્યમાં પણ નથી તેને શું છોડવો? આ પ્રમાણે રાગને ગ્રહું કે છોડું એવું કારણ-પરમાત્મામાં નથી. કારણપરમાત્માના અસ્તિ સ્વભાવનું અવલંબન લેતા રાગનો, વિકલ્પનો અથવા વાંછાનો અભાવ થઈ જાય છે માટે આત્મા નિષ્કામ છે.

**(૬) સમસ્ત રાગ પરિણતિનો શુદ્ધસ્વભાવમાં અભાવ છે માટે આત્મા નિઃક્રોધ છે.**

નિશ્ચયનયથી પ્રશસ્ત અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિનો અભાવ હોવાને લીધે નિઃક્રોધ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે રાગ તે પ્રશસ્ત છે ને સંસારનો રાગ અપ્રશસ્ત છે. આવા વિકારની પરિણતિ છોડવી તે દ્વેષ છે. આવો દ્વેષ એક સમયની પર્યાયમાં છે. પણ દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે તો આવો દ્વેષ શુદ્ધ સ્વભાવમાં નથી. શુદ્ધ સ્વભાવમાં સમસ્ત પરદ્રવ્યપરિણતિનો અભાવ વર્તે છે. પરવસ્તુના ત્યાગની તો વાત જ નથી પણ રાગને

છોડું એવું પણ વસ્તુમાં નથી. વસ્તુસ્વભાવનું વલણ થતાં વિકાર ઉત્પન્ન થતો નથી, તેને રાગ છોડ્યો એમ કહેવામાં આવે છે. પરમ શુદ્ધતત્ત્વને ગ્રહણ કરું એવો રાગ સ્વભાવમાં નથી તે વાત નિષ્કામમાં આવી હતી ને રાગની વૃત્તિને છોડું એવો દ્વેષ સ્વભાવમાં નથી તે વાત નિઃક્રોધમાં આવે છે.

**શુદ્ધસ્વભાવમાં નિશ્ચયનયનો વિષય છે ને તેના આશ્રયે વિકારનો અભાવ થઈ એકાગ્રતા પ્રગટે તે વ્યવહારનયનો વિષય છે.**

અજ્ઞાની જીવો ચિત્તનિરોધ બાહ્યથી કરવા માગે છે. બાહ્યવસ્તુથી કે શરીરની ક્રિયાથી ચિત્તનો નિરોધ થતો નથી. મન તો જડ છે ને તેના લક્ષે થતો રાગ તે વિકાર છે. તે બન્નેનો આત્મામાં અભાવ છે. આત્મસ્વભાવ રાગ–દ્વેષ રહિત છે. એમ તેની અસ્તિના જોરે રાગનો અભાવ થતાં ચિત્તનો નિરોધ થઈ જાય છે. પોતાનો શુદ્ધ આત્મા તે નિશ્ચય-નયનો વિષય છે ને તેના આશ્રયે જે એકાગ્રતાની પર્યાય પ્રગટે તે વ્યવહારનયનો વિષય છે. અજ્ઞાની જે વ્યવહાર માને છે તેવો વ્યવહાર નથી. પર્યાયમાં રાગ–દ્વેષનો અભાવ થઈ એક તાની પર્યાય પ્રગટે તેનું જ્ઞાન કરવું તે વ્યવહારનયનો વિષય છે.

**(૭) શુદ્ધ આત્મામાં અપૂર્ણતા નથી તેથી તે પરનું અભિમાન કરતો નથી માટે આત્મા નિર્માન છે.**

"નિશ્ચયનયથી સદા પરમ સમરસી ભાવ સ્વરૂપ હોવાને લીધે નિર્માન છે."

આત્મા ત્રિકાળ ઉપશાંત વીતરાગી સ્વરૂપ છે. આવો સમરસીભાવવાળો કોનું અભિમાન કરે ? નિમિત્તનું, શુભરાગનું કે ઉઘડેલી પર્યાયનું અભિમાન તો છે જ નહિ પણ હું આત્મા સમરસી ભાવસ્વસ્વરૂપ છું એવું પણ માન શુદ્ધ આત્મા વિષે નથી માટે આત્મા નિર્માન છે. જેમ લગ્ન વખતે વરરાજાને ગાદી ઉપર બેસાડે છે અને તેના વડીલો નીચે બેસે છે તેમ અહીં ચૈતન્યભગવાન ઊંચે પાટલે બેઠો છે. વીતરાગ ભગવાન વગેરે પર પદાર્થથી જુદો છે, પોતાની પર્યાય પણ ઊંચો છે. ભગવાન આત્મા કઈ વાતે અધૂરો છે કે તે અભિમાન કરે ? માટે આત્મા નિર્માન છે.

**(૮) શુદ્ધ આત્મા અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે. શુદ્ધ આત્મા એક જ ઉપાદેય છે.**

"નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે. ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ સહજસિદ્ધ નિત્ય–નિરાવરણ નિજ કારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે."

શુદ્ધ આત્મા સદાય અંતર્મુખ વળેલો જ છે. કદી બહાર આવતો જ નથી. શુદ્ધ આત્માનું ભાન થઈ અંતરાત્મા અંદર વળે છે તેની વાત નથી પણ ત્રિકાળી ધ્રુવસ્વભાવ સદાય અંતર વળેલો છે માટે નિર્મદ છે.

આ પ્રમાણે ઉપર કહ્યો તેવો વિશુદ્ધ, સહજસિદ્ધ, નિત્ય કોઈ પણ આવરણ વિનાનો, પોતાનો કારણશુદ્ધ આત્મા એક જ અંગીકાર કરવા જેવો છે. પુણ્ય-પાપ આદરવા જેવાં નથી. શુદ્ધસ્વરૂપ એક જ ઉપાદેય છે. આમ પોતાના શુદ્ધ પરમાત્માનો આશ્રય કરે તો ધર્મરૂપી કાર્ય પ્રગટે છે. માટે તે એક જ ઉપાદેય છે. (ક્રમશઃ)

આંધ્રપ્રદેશના પાટનગર હૈદરાબાદ શહેરમાં,
પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સત્પ્રભાવથી નિર્મિત થનાર,

## શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો
## શિલાન્યાસ-મહોત્સવ

અધ્યાત્મમાર્ગપ્રકાશક, આપણા પરમ-તારણહાર, પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનેકાંતસુસંગત-દ્રવ્યદૃષ્ટિપ્રધાન તેમ જ જિનેન્દ્રભક્તિભીના સદુપદેશથી પ્રભાવિત તેમ જ અંતરમાં જ્ઞાયકતત્ત્વનું ને બહારમાં વીતરાગ દેવ-ગુરુનું અનુપમ માહાત્મ્ય સમજાવનાર ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અસીમ કૃપાથી અનુગૃહીત એવા અમારા શ્રી હૈદરાબાદ દિ. જૈન મુમુક્ષુ-મંડળની, દર્શન, પૂજા, ભક્તિ ને શાસ્ત્રસ્વાધ્યાય માટે એક નૂતન શિખરબંધ ભવ્ય દિગંબર જિનમંદિરનું નિર્માણ કરાવવાની, લાંબા સમયની ભાવના સાકાર થઈ રહી છે.

આ ભવ્ય જિનમંદિરનો શિલાન્યાસવિધિ વિ. સં. ૨૦૪૫, કારતક સુદ ૧૧, રવિવાર, તા. ૨૦-૧૧-૮૮ના શુભ દિને પ્રાત ૧૦ વાગ્યે, બોટાદનિવાસી શ્રી પુરુષોત્તમદાસ ઓધવડદાસ કામદાર-પરિવારના શુભ હસ્તે, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના કરકમળે આલેખિત મંગળ સ્વસ્તિક યુક્ત ઈંટો તથા પ્રશસ્તિપત્ર વગેરે વડે, રાખવામાં આવ્યો છે.

જિનધર્મપ્રભાવનાના આ શુભ પ્રસંગે સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોને હૈદરાબાદ પધારવાનું અમારા મંડળનું ભાવભીનું આમંત્રણ છે.

લિ૰
શ્રી હૈદરાબાદ દિ૰ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
પ્રમુખ : ચીમનલાલ ડી. શાહ

[ અનુસંધાન...ટાઈટલ ૩ થી ચાલુ ]

જ્ઞાયક આત્માને—ધ્યેયને જેણે લક્ષમાં—ધ્યાનમાં લીધો તે દૃષ્ટિ ધ્યેયભૂત આત્મા સાથે એવી ચોંટી જાય છે કે પછી તે ત્યાંથી જરા પણ ખસતી નથી. આવી દૃષ્ટિ જેને પરિણમી છે તેને ધ્યેયભૂત નિજ શુદ્ધાત્મા સિવાય બીજું કાંઈ મુખ્ય થતું નથી.

સૌધર્મેન્દ્રે ઋષભદેવ પરમાત્માની એક હજાર ને આઠ નામની સ્તુતિ કરી. સ્તુતિનો ભાવ શુભ છે, વિકલ્પ છે ને પુણ્યબંધનું કારણ છે. જેને આત્મા સાધવો છે તેણે એવા સ્તુતિ-પૂજા-ભક્તિ વગેરે કાર્યોની ગણતરીમાં રોકાવા જેવું નથી. અરેરે! જગત ધર્મના નામે કયાં સલવાઈ ગયું છે! ભાઈ! ધર્મના નામે કહેવાતાં કાર્યોની ગણતરી કરવા કરતાં એક જ્ઞાનસ્વરૂપ નિજ આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું—પરમાનંદ બ્રહ્મ નિજ શુદ્ધ ચૈતન્ય પ્રભુને આગળ રાખવો—તે જ સર્વોત્તમ છે. આટલાં મંદિરો બંધાવ્યાં ધર્માદામાં કરોડો રૂપિયા ખર્ચ્યા, આટલી યાત્રાઓ કરી, ભાઈ! એ બધાં શેના અભિમાન? એ બધી ક્રિયા તો જડ પુદ્ગલપરમાણુઓની છે. પુદ્ગલની ક્રિયા પુદ્ગલ-પરમાણુઓને લીધે થાય છે, જીવની ઇચ્છાથી નહિ. ઇચ્છા પણ જીવની વિકારી પર્યાય છે, જીવનો સ્વભાવભાવ નથી. જીવનો સ્વભાવ તો કેવળ જાણવું, દેખવું ને આનંદ છે. શુભાશુભ વિકલ્પ આવે તેનો તે જાણનાર છે, કર્તા નથી. અકર્તા—જ્ઞાતા પદાર્થ વિકલ્પ કરે કયાંથી? તેથી અહીં કહે છે કે—વિકલ્પો ને કાર્યોની ગણતરી કરવા કરતાં એક નિજ શુદ્ધ જ્ઞાયકનું લક્ષ જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે.

અહા! વીતરાગમાર્ગની જાત કોઈ જુદી જ છે. હમેશાં ભગવાન પાસે જઈએ છીએ અને પૂજા-ભક્તિ કરીએ છીએ, પણ ભાઈ! ભગવાનના સમવસરણમાં પણ તું અનંત વાર જઈ આવ્યો છે.—સમ્યગ્દૃષ્ટિ જીવ અનંત વાર ન જાય, કેમ કે સમ્યગ્દર્શન થયા પછી તે સંસારમાં બહુ થોડો કાળ રહે છે—પણ એ વિકલ્પો અને કાર્યોની ગણતરી ન હોય, તેમનો જ્ઞાતા બની આત્માનું ધ્યેય મુખ્ય રાખવું તે ઉત્તમ છે.

“ પ્રવૃત્તિરૂપ ‘ કાર્યો ’ તો ભૂમિકાને યોગ્ય થાય છે. ”

ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને સાધક જીવને તે તે ભૂમિકાને યોગ્ય રાગાદિના વિકલ્પ અને તદનુરૂપ બહારનાં પ્રવૃત્તિરૂપ કાર્યો થાય છે પણ તેને તેમની મુખ્યતા નથી, તે કાંઈ સાધવા લાયક ચીજ નથી. જ્ઞાની તો વચ્ચે ભૂમિકાનુસાર જે વ્યવહાર આવે તેનો કેવળ જ્ઞાતા જ છે, કર્તા, ભોક્તા કે સ્વામી નથી.

‘ જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે. ’

જે શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતામાં નિજ શુદ્ધાત્મદ્રવ્યને જ સદા મુખ્ય, અગ્ર રાખે છે

તેને જ્ઞાની એટલે કે ધર્મી કહીએ. ચૈતન્ય વિજ્ઞાનઘન એવા નિજ ભગવાન આત્માને આશ્રય તરીકે મુખ્ય રાખી શુભાશુભ જે ક્રિયા થાય તેને જ્ઞાની જોયા કરે છે. અજ્ઞાનીને તો 'મેં આ કર્યું, આવાં કામ કરીને બહાર પડીએ' એવું મિથ્યા અભિમાન હોય છે. જ્ઞાની તો પ્રવૃત્તિના બધા પ્રસંગોમાં જ્ઞાતાપણે જ વર્તે છે.

"તેમનાં સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે જેહને' એવું હોય છે."

દર્શન, પૂજા, ભક્તિ કે વ્રત, નિયમ ને તપ વિષે, અરે! સાંસારિક-રાગ કાળે પણ ધર્મીને દૃષ્ટિમાં સદા આત્મા સમીપ હોય છે. ભગવાન જ્ઞાયક આત્મા તેને દૃષ્ટિમાંથી કદી વેગળો પડતો નથી. અજ્ઞાની, ભગવાન આત્માનું ભાન નહીં હોવાથી, આંખ બંધ કરીને ધ્યાનમાં બેસે તોપણ તે વિકલ્પજાળમાં જ બેઠો છે, કેમ કે અંદર વિકલ્પાતીત જ્ઞાયક વસ્તુ શી ચીજ છે તેની તેને ખબર નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે: અંતરંગ તપોમાં પણ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ત્યાગ અને ધ્યાનરૂપ ક્રિયામાં જે બાહ્યપ્રવર્તન છે તે તો બાહ્યતપવત્ જ જાણવું...પરંતુ એવું બાહ્યપ્રવર્તન થતાં જે અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય છે તેનું નામ અંતરંગ તપ જાણવું અને ત્યાં તો નિર્જરા જ છે, બંધ થતો નથી. અરે! જેની દૃષ્ટિ અને જ્ઞાનમાં સહજ શુદ્ધ ચૈતન્ય-વિજ્ઞાનઘન નિજ જ્ઞાયક પદાર્થ વાસ્તવિકપણે જણાયો નથી એ કોનું ધ્યાન કરશે? તે તો વિકલ્પની જાળને જ ધ્યાન માન્યા કરશે. અહા! ચૈતન્યના અસંખ્ય પ્રદેશે જ્ઞાનાદિ અનંત ગુણોનો પથારો પાથરીને અંતરમાં જે જ્ઞાયક બાદશાહ પડ્યો છે તેના પ્રત્યે નજરું નથી અને દયા, દાન, ભક્તિ, વ્રત આદિ પામર ક્રિયાઓમાં—તુચ્છ શુભ વિભાવોમાં—ધર્મ માની બેસે છે, પણ એ કાંઈ ધર્મ નથી. ધ્યેયભૂત નિજ જ્ઞાયક આત્માની સમીપતા ચૂકીને શુભભાવરૂપ વિભાવને ધર્મ માનનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. જેને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થયો છે તે તો આત્માને મુખ્ય રાખીને જે ક્રિયા થાય તેને જોયા કરે છે. ભક્તિ વગેરેનો રાગ આવે તે કાળે પણ, સ્વપરપ્રકાશક ને સ્વભાવ-વિભાવ પ્રકાશક જ્ઞાનની પર્યાયે પરિણમતો જ્ઞાની જ્ઞાનધારામાં વર્તતો થકો તેનો જ્ઞાતા રહે છે, કર્તા કે સ્વામી થતો નથી. ધર્મીને સર્વ કાર્યોમાં આત્મા સમીપ છે.

'ધ્યેયને તેઓ ભૂલતા નથી.'

સર્વ વિકલ્પ આદિ કાર્ય ટાણે જેને દૃષ્ટિમાં ભગવાન જ્ઞાયક આત્મા જ અધિક હોય, મુખ્ય હોય, તેને ધર્મી કહીએ. તેને પરના લક્ષે સ્વલ્પ રાગ થતો હોવા છતાં દૃષ્ટિનો વિષય જે નિજ ભગવાન આત્મા તે છૂટતો નથી. તત્ત્વ સમજવાનો કે સમજાવવાનો જે વિકલ્પ ઊઠે તે પણ રાગ છે. તે રાગથી મને કે બીજાને લાભ થશે, ધર્મ થશે—એ વાત તો અહીં છે જ નહિ પણ અસ્થિરતાને લીધે થયેલો તે રાગ ધર્મ કે લાભદાયક નથી. લાભદાયક તો રાગનું લક્ષ છોડી સ્વભાવનો આશ્રય કરવો—આત્માને સમીપ રાખવો—તે જ છે.

(તા. ૧૦-૧૦-૮૮)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અધ્યાત્મ-સાધનાતીર્થમાં—સુવર્ણપુરી તીર્થક્ષેત્રમાં—દૈનિક ધાર્મિક ગતિવિધિ સુચારુરૂપે યથાવત્ પ્રવર્તી રહી છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા પછી ૮ાા થી ૯ાા પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસારના 'પૂર્વરંગ' પર સત્તરમી વારનું અધ્યાત્મરસપૂર્ણ અદ્ભુત ટેઇપ-પ્રવચન, ૯ાા થી ૧૦ાા પુરુષો માટે 'મોક્ષમાર્ગપ્રકાશક' પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે ૩ાા થી ૪ાા શ્રી સમયસારના 'મોક્ષ અધિકાર' પર શાસ્ત્રપ્રવચન, ત્યાર પછી જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ, રાત્રે ૭ાા થી ૮ાા પૂજ્ય ગુરુદેવશ્રીનું 'સમયસાર-કલશટીકા' પર ૧૯૬૭નું ભાવવાહી ટેઇપ-પ્રવચન અને ત્યાર પછી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમના સ્વાધ્યાયભવનમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા—એ પ્રમાણે કાર્યક્રમ સુંદર રીતે ચાલી રહ્યો છે.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન શુદ્ધાત્મસાધના સહ સુખ-શાંતિમાં બિરાજે છે. છેલ્લા દોઢેક માસથી શારીરિક સ્વાસ્થ્ય જરા ઢીલું હતું, હવે તેમાં સારો સુધારો છે. સ્થાનિક મુમુક્ષુઓ તેમ જ સમાગત મહેમાનો તથા યાત્રાળુઓને તેમનાં પવિત્ર દર્શનનો લાભ બરાબર મળે છે. 'બહેનશ્રી ચંપાબેન અભિનંદનગ્રંથ'માંથી 'બહેનશ્રીનો સંક્ષિપ્ત જીવનપરિચય', તેમનો નાની ઉંમરનો 'પત્રવ્યવહાર' વગેરે અશ્રુતપૂર્વ વિગતોનું અધ્યયન કરીને પોતાનો હરખ વ્યક્ત કરવા પણ કેટલાક મુમુક્ષુઓ બહારગામથી ખાસ દર્શન કરવા આવે છે.

* દશલક્ષણ-પર્યુષણપર્વમાં શાસ્ત્રપ્રવચન માટે સોનગઢથી ગયેલ દેવ-શાસ્ત્ર-ગુરુભક્ત વિદ્વાન ભાઈઓએ તે-તે ગામના સમાજમાં, પૂજ્ય ગુરુદેવે નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક બતાવેલા મોક્ષમાર્ગનું સ્વરૂપ કેવું છે?—એ સારી રીતે સમજાવ્યું, જેની ત્યાંના આત્માર્થપ્રેમી મુમુક્ષુ સમાજે ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી છે.

* સુવર્ણપુરી તીર્થધામમાં પર્યુષણપર્વ પ્રસંગે મહેમાનોની વિશેષ ઉપસ્થિતિ હતી. ક્ષમાવણી-પર્વ નિમિત્તે રાજકોટ, અમદાવાદ, ભાવનગર, બોટાદ વગેરે અનેક ગામોથી સ્પેશિયલ બસ દ્વારા ઘણા મુમુક્ષુઓ સુવર્ણપુરી તીર્થધામનાં તેમ જ પૂજ્ય બહેનશ્રીનાં પાવન દર્શન, તથા ક્ષમાપના માટે આવ્યા હતા.

* ચરમ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુના નિર્વાણકલ્યાણકનો વાર્ષિક મહોત્સવ (તા. ૫-૧૧-૮૮, શનિવાર થી ૯-૧૧-૮૮, બુધવાર) પાંચ દિવસ સુધી શ્રી પંચકલ્યાણક-પૂજાવિધાનપૂર્વક ઊજવવામાં આવશે.

* પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્ત સાધનાતીર્થ સોનગઢમાં તા. ૨૬-૧૧-૮૮, શનિવાર થી તા. ૩૦-૧૧-૮૮, બુધવાર સુધી પાંચ દિવસનો 'ધાર્મિક કાર્યક્રમ' રાખવામાં આવ્યો છે, જેની વિશેષ સૂચના 'નવેમ્બર' ના અંકમાં આપવામાં આવશે.

* પર્યુષણ પર્વ નિમિત્તે મંડળવિધાનપૂજા (૧) બ્ર. હરીભાઈ અમૃતલાલ મહેતા સોનગઢના સ્મરણાર્થે (૨) શ્રી દામોદરભાઈ હંસરાજ મોદી, અમદાવાદ (૩) શ્રી કમળાબેન અમૃતલાલ સંઘરાજકા, બાબરાવાળા (૪) શ્રી ચતુરભાઈ રામજીભાઈ મહેતા પરિવાર હ. શ્રીકુબેન, સોનગઢ—તરફથી રાખવામાં આવી હતી.

* પૂજ્ય બેનશ્રીની ૭૫મી જન્મજયંતી પ્રસંગે તે દિવસો દરમ્યાન આગળ-ભરાઈ આવેલ રકમ રૂા. ૪૭૦૦૦/- જ્ઞાન ખાતે જાહેર કરવામાં આવેલ હતી.

* એ રીતે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ—સુવર્ણપુરી પૂજ્ય બહેનશ્રીની મંગલ છાંયામાં પ્રવર્તતા ધાર્મિક વાતાવરણથી સદા લીલીછમ રહે છે; જાણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાક્ષાત્ ઉપસ્થિતિ હોય એવો મુમુક્ષુઓને અનુભવ થાય છે. અહીંનું પવિત્ર આધ્યાત્મિક વાતાવરણ બધા યાત્રિકોને ખૂબ પ્રમુદિત કરે છે.

અહો! શાશ્વત જયવંત વર્તો વીતરાગ નિર્ગ્રંથ જૈનશાસન

અને

શાશ્વત જયવંત વર્તો પૂજ્ય કહાનગુરુદેવનો પુનિત પ્રભાવના-ઉદય!!

—❀—

## 卐 શુદ્ધાત્માને ગ્રહણ કર 卐

અંદર શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. તું પણ પ્રમાદ છોડી ત્યાં દૃષ્ટિ કર. એને માટે ઝાઝા જ્ઞાનની જરૂરત નથી, રુચિ પલટાવી દે. શ્રુતનું અધિક જ્ઞાન હોય તો તે કાંઈ નુકશાનકારક નથી. અંદર નિર્મળતાનું કારણ બને છે. પરંતુ જો વિશેષ જ્ઞાન ન હોય અને પ્રયોજનભૂત જ્ઞાન હોય તોપણ આત્માનું કાર્ય તો થઈ શકે છે. તેથી પ્રયોજનભૂત તત્ત્વ જે નિજ શુદ્ધાત્મા તેને જાણવાનો પ્રયત્ન કરવો. અધિક શાસ્ત્રજ્ઞાન હોય તો ઠીક, પરંતુ કસવાળું તત્ત્વ તો એક શુદ્ધાત્મા જ છે; તો શુદ્ધાત્માને જ ગ્રહણ કરવો.

—પૂજ્ય બહેનશ્રી [દૃષ્ટિનાં નિધાન]

## વૈરાગ્ય સમાચાર:—

* દમોહનિવાસી બ્ર. નિર્મળકુમાર તથા વિમલકુમાર જૈનના માતુશ્રી નાનીબેન જૈન તા. ૧૧-૮-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાણપુરનિવાસી શ્રી નંદલાલભાઈ હરગોવિંદદાસ (વર્ષ-૬૨) તા. ૨૧-૮-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી અચરતબેન ખીમચંદભાઈ મારફતીયા (વર્ષ-૮૭) તા. ૨૯-૮-૮૮ ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી ઇન્દિરાબેન શાંતિલાલ તા. ૩૧-૮-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચોટીલાનિવાસી શ્રી કોઠારી પિતામ્બરદાસ ત્રિભોવનદાસ (વર્ષ-૮૭) તા. ૯-૯-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મૂળીનિવાસી (હાલ મુંબઈ) શ્રી લક્ષ્મીચંદ નિમચંદ શાહ (વર્ષ-૮૩) તા. ૧૩-૯-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દેહગામનિવાસી શ્રી વિનુભાઈ સોમચંદ શાહ (વર્ષ-૫૫) તા. ૨૩-૯-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## 卐 આત્મહિત કરી લે 卐

ભાઈ! તું શરીર સામું ન જો! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે.

—પૂજ્ય ગુરુદેવ [દૃષ્ટિનાં નિધાન]

# આત્માનું ધ્યેય જ આગળ રાખ

જેને આત્માનું કરવું હોય તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે. 'કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે. પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે.

જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે. તેમનાં સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે જેહને' એવું હોય છે. ધ્યેયને તેઓ ભૂલતા નથી. ૩૭૦.

[ 'વચનામૃત પ્રવચન' ભાગ-૪ ]

'જેને આત્માનું કરવું હોય તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે.'

જેને આત્માનું કરવું હોય, પરનું નહિ, રાગનું નહિ, પુણ્યનું નહિ, પર્યાયનું નહિ, તેણે જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોથી પરિપૂર્ણ એવા નિજ શુદ્ધાત્માનું—જ્ઞાયક પરમ ભાવનું—ધ્યેય જ આગળ—ઊર્ધ્વ રાખવા જેવું છે. અહા! જેને આત્માનું હિત કરવું હોય તેણે પૂર્ણાનંદકંદ નિજ જ્ઞાયક આત્મા જ—નિમિત્ત નહિ, શુભાશુભ વિભાવ નહિ, પર્યાય કે ગુણભેદ નહિ—ધ્યેયપણે આગળ રાખવા યોગ્ય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક સ્વભાવ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. જેને આત્માનું સારું-ભલું-કલ્યાણ કરવું હોય તેણે ધ્રુવ ચિન્મય નિજ આત્માનું ધ્યેય જ મુખ્ય કરવા જેવું છે.

"'કાર્યોની' ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે."

મેં આટલાં પુણ્ય કર્યાં, આટલી દયા પાળી, આટલાં વ્રત-નિયમ લીધાં, આટલાં ઉપવાસ, ઉપધાન ને વરસીતપ કર્યાં, આટલાં શાસ્ત્રો વાંચ્યાં, આટલાને ઉપદેશ આપી ધર્મ પમાડ્યો; ભાઈ! આમ 'કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક નિજ શુદ્ધ આત્માનું ધ્યેય જ—તેને પ્રાપ્ત કરવાનું લક્ષ જ—મુખ્ય રાખવું તે જ ઉત્તમ છે.

જેમ ચંદનઘો ભીંત સાથે ચોંટી જાય છે, ઊખડતી નથી, તેમ નિજ ભગવાન

[ અનુસંધાન માટે જુઓ પાનું...૨૬ ]

# 卐 પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ નાખ 卐

* વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ–ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી–એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે...વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દૃઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે.

—પૂજ્ય ગુરુદેવ [ દૃષ્ટિનાં નિધાન ]

* જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે.

—પૂજ્ય ગુરુદેવ [ દૃષ્ટિનાં નિધાન ]


Licence No. 3 ' Licensed to post without prepayment '

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૧૦૦


356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012